**સુવિચાર**
''પ્રગટીને રહીશું તો અજવાળું ફેલાશે, બળીને રહીશું તો રાખ...!''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૩૦/૧૧/૨૦૨૫, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ માગશર સુદ-૧૦ વર્ષ : ૧૬ અંક : ૨૯૫

## એક મિનિબસમાં સમાય તેટલા મુસાફરો જીપમાં ઠસોઠસ બેઠા

# બોલેરોમાં ૩૦ મુસાફરો હોય પલ્ટી જતાં ૨૫ને ઈજા પહોંચી

**સાવરકુંડલાનાં સેંજળ ગામે દીકરીને લગ્ન બાદ તેડવા આવેલ પિયરીયા પક્ષનાં ૨૫ વ્યક્તિ ઈજાગ્રસ્ત થયા**

**પાલિતાણાનાં ગંઢોળથી આવ્યા બાદ પરત ફરતાં હોય સેંજળ ગામ નજીક બોલેરો પલ્ટી ગઈ**

**આજુબાજુનાં વાહનચાલકોએ જરૂરી મદદ કરી ૧૦૮ અને પોલીસને જાણ કરી**

**ઈજાગ્રસ્તોને વંડા, સાવરકુંડલા અને અમરેલીનાં સરકારી દવાખાને સારવારમાં ખસેડાયા**



સાવરકુંડલા, તા. ૨૯
સાવરકુંડલા તાલુકાના સેંજળ ગામ ખાતેથી દીકરીને તેડીને પરત કદમગીરી પાસેના ગંઢોળ ગામે જઈ રહેલ ઠાકોર પરિવારની બોલેરો ગાડી પલટી જતા એક મહિલાનું મૃત્યુ થયું છે અને પચીસેકને નાની-મોટી ઈજા થઈ છે.

અકસ્માતની જાણવા મળતી વિગતો મુજબ કદમગીરી પાસેના ગંધોળ ગામના વિઠ્ઠલભાઈ મનાભાઈ મકવાણાની દીકરી રિદ્ધિબેનના લગ્ન સાવરકુંડલાના સેંજળ ગામના ઉકાભાઈ કલ્યાણભાઈ ચૌહાણના દીકરા હસમુખ સાથે તા. ૨૬/૧૧ના યોજાયા હતા. ત્યારે આજે બપોરે સામાજીક રિવાજ મુજબ રિદ્ધિબેનના પિયરીયા રિદ્ધિબેનને તેડવા સેંજળ મુકામે આવ્યા હતા અને બપોર પછી નવ વિવાહિત દીકરીને તેડીને હરખભેર પોતાના ગામ ગંઢોળ જવા બોલેરો ગાડીમાં નીકળ્યા હતા. ત્યારે સેંજળ ગામથી ત્રણ કિલોમીટર દૂર વળાંકમાં

**અનુસંધાન પાના ૬ ઉપર**

## ઈલેક્ટ્રીક વાયર અડી જતાં બનાવ બન્યો

# વડિયાનાં ચારણીયા માર્ગ ઉપર કપાસ ભરેલ ટ્રકમાં લાગી આગી

**સદ્દનસીબે મોટા અકસ્માતની ઘટના ટળી**



અમરેલી, તા. ૨૯
વડિયા પાસેના ચારણીયા માર્ગ પર કપાસ ભરેલા ટ્રકમાં અચાનક આગ લાગી જતા હંગામો મચી ગયો. મળતી માહિતી મુજબ વડિયાથી જેતપુર તરફ જતો ટ્રક રસ્તા પર લટકતા ઈલેકટ્રીક સર્વિસ વાયરને અડી ગયો હતો જેના કારણે કપાસમાં ચિંગારી પ્રજલિત થઈ અને આગ ફાટી નીકળી.

આગ લાગી ત્યારે ડ્રાઈવર અને કલીનરે તત્પરતા દાખવી સળગતા કપાસને તરત જ ટ્રકમાંથી નીચે ફેંકી દીધો, જેના કારણે મોટી દુર્ઘટના ટળી અને સમગ્ર ટ્રક આગની ઝપેટમાં આવતો બચી ગયો. ઘટનાસ્થળે ધુમાડો છવાઈ જતા થોડો સમય માટે ટ્રાફિક પણ પ્રભાવિત થયો.

આ દરમિયાન નજીકના વડલાના વૃક્ષની ડાળી તૂટતા માર્ગ થોડો સમય માટે અવરજવર બાધિત રહી. સ્થળ પર સ્થાનિક લોકોએ આગ બુઝાવવાના પ્રયાસો કર્યા અને વનવિભાગ તેમજ વીજ વિભાગને ઘટનાની જાણ કરવામાં આવી.

સદનસીબે કોઈ જાનહાનિ થતાં બચી ગઈ છે, પરંતુ આગની ઘટના પછી વીજ લાઈનની સુરક્ષા અને માર્ગ પર લટકતા વાયર અંગે પ્રશ્નો ઊભા થયા છે. સ્થાનિકોએ તંત્રને વહેલી તકે તેનું નિરાકરણ લાવવા માંગ કરી છે.

## ૨૨ નવેમ્બરનાં બનેલ બનાવ જાહેર થયો

# જાફરાબાદનાં માચ્છીમારી બોટનાં ખલાસીનું દરિયામાં પડી જવાથી મોત

**રાતનાં ઉજાગરા હોવાથી ઊંઘનું ઝોકુ આવી ગયુ**

અમરેલી, તા. ૨૯
અમરેલી જિલ્લાના દરિયા કાંઠાના જાફરાબાદ ગામે આવેલ કોળીવાડ વિસ્તારમાં રહેતાં અને મચ્છીમારીનો વ્યવસાય કરતાં જસવંતભાઈ રામજીભાઈ બારૈયા નામનાં ૪૫ વર્ષીય આધેડ મચ્છીમારી બોટમાં ખલાસી હોય ગત તા.૨૨ના બપોરના બપોરનાં ૧/૩૦ વાગ્યા દરીયામા મચ્છીમારી કરવા માટે ગયેલ હતાં. ત્યારે તેમને સતત રાતના ઉજાગરાના હોય તેના કારણે તેમને બોટમાં જ ઉંઘનુ ઝોકુ આવી જતાં અને પોતાનું બેલેન્સ ગુમાવી બેસતા તેઓ દરીયાના પડી જતાં જાફરાબાદના દરિયાના પાણીમા ડુબી જતા તેમનું મોત થયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

**શિક્ષક/શિક્ષિકા જરૂર છે.**
ધોરણ - ૫ અને ધોરણ - ૬ માં અભ્યાસ કરતા મીડિયમ ગુજરાતીના બાળકને ઘરે આવી ટયુશન કરાવી શકે, તેવા શિક્ષકભાઈ કે શિક્ષિકાબેન નીચેના સરનામે સંપર્ક કરશો.
સુખનાથ પરા - અમરેલી - મો. 98981 36077

## મળેલ બાતમીનાં આધારે તપાસ કરાતા

# લાઠી પોલીસે એક ટ્રકનું ચેકિંગ કરતાં ૧૦૦ જેટલા ઘેટા-બકરા દેખાયા

**ઘેટા-બકરાની ચોરી કરીને ક્રુરતાપૂર્વક લઈ જવાતાં હતા**



અમરેલી, તા. ૨૯
લાઠી પોલીસને મળેલી બાતમીના આધારે ગેરકાયદેસર રીતે પશુઓની હેરાફેરી કરતા આંતરરાજય રેકેટ પર સખત કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસે ચેકિંગ દરમિયાન એક ટ્રકને રોકી તેની તલાશી લીધી ત્યારે ટ્રકમાંથી ૧૦૦ થી વધુ ઘેટા-બકરા મળતા ચકચાર મચી ગઈ.

પોલીસે જણાવ્યા મુજબ પશુઓને ક્રૂરતાપૂર્વક ટ્રકમાં છોડીને લઈ જવાતા હતા. પોલીસે સ્થળ પરથી ત્રણ ઈસમોને ઝડપી પાડ્યા છે અને તેમની સામે પ્રાણી સંરક્ષણ અધિનિયમ સહિત ગંભીર કલમો હેઠળ ગુન્હો દાખલ કર્યો છે. એક અન્ય ઈસમ ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હોવાથી તેની શોધખોળ માટે પોલીસ ટીમો કાર્યરત છે.

આ ઓપરેશન દરમિયાન કુલ અંદાજે ૨૭ લાખનો મુદ્દામાલ જે ટ્રક અને પશુઓનો સમાવેશ કરે છે તે કબજે કરવામાં આવ્યો છે. પોલીસ તપાસ કરી રહી છે કે આ પશુઓ કયા રાજયમાં લઈ જવામાં આવી રહ્યા હતા અને પાછળ કઈ ગેરકાયદેસર ગેંગ કાર્યરત છે.

લાઠી પોલીસે જણાવ્યું છે કે ગેરકાયદેસર હેરાફેરી અને પ્રાણીઓ પર અત્યાચાર કરનાર સામે કડક પગલાં લેવામાં આવશે અને આવા રેકેટને જડમૂળથી ઉખેડવામાં આવશે.












## આમ આદમી પાર્ટીની હાંકલ એ ચાલો, ચૂંટણી આવી રહી હોય તૈયારી શરૂ કરો

# અમરેલી જિલ્લામાં “આપ”નું સંગઠન મજબૂત બનાવવાનો પ્રયાસ

**પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ પક્ષનાં પદાધિકારીઓ અને કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યુ**

**બુથ લેવલ સુધી સક્રીય અને મજબૂત સંગઠન ઉભુ કરવા વિશિષ્ટ જવાબદારી સોંપવાનો નિર્ણય**

**આગામી ૭ ડિસેમ્બરનાં રોજ યોજાનારી કિસાન મહાપંચાયતને સફળ બનાવવા જાગૃતિ ઉભી કરાશે**

**જિલ્લાનાં ખેડૂતોની વ્યથાને ૭ ડિસેમ્બરે રાષ્ટ્રીય સ્તરે પહોંચાડવાનો થશે પ્રયાસ**






અમરેલી, તા. ૨૯

આમ આદમી પાર્ટી અમરેલી જિલ્લામાં સંગઠનના મજબુતીકરણ અને આગામી કાર્યક્રમોની સફળ અમલીકરણ અંગે મહત્વપૂર્ણ સંકલન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજભાઈ સોરઠીયા, લોકસભા ઈન્ચાર્જ કાંતિભાઈ સતાસીયા, જિલ્લા પ્રમુખ નિકુંજભાઈ સાવલિયા તેમજ લાઠી, અમરેલી, સાવરકુંડલા, રાજુલા અને ધારી વિધાનસભાના સંનિષ્ઠ પદાધિકારીઓ, જિલ્લા–તાલુકા–શહેરના પદાધિકારીઓ અને કામગીરી ટીમો ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક દરમિયાન વિવિધ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા અને માર્ગદર્શનમાં નિર્ણયો લેવામાં આવ્યા. જેમાં, એસઆઈઆર પ્રોસેસમાં સામાન્ય નાગરિકોને મદદરૂપ થવા માટે સંગઠનની જવાબદારી વધુ મજબૂત બનાવવાની યોજના, બીએલએ ૧ અને બીએલએ ૨ ની જવાબદારીઓ સ્પષ્ટ કરીને બીએલઓ સાથે સીધો સંવાદ અને ચૂંટણી પંચ સાથે સંકલન મજબૂત કરવાનું સંકલ્પ, સ્થાનિક સ્વરાજની આવનારી ચૂંટણીને કેન્દ્રમાં રાખીને દરેક બુથ સ્તર સુધી તૈયારી શરૂ કરવાનો નિર્ણય, બુથ લેવલ સુધી સક્રિય અને મજબૂત સંગઠન ઊભું કરવા માટે દરેક પદાધિકારીને વિશિષ્ટ જવાબદારીઓ સોંપવું, આવતી ૭ ડિસેમ્બરે આયોજિત કિસાન મહાપંચાયતને ભવ્ય સફળ બનાવવા માટે ગ્રામિણ સ્તરે વ્યાપક સંકલન અને જનજાગૃતિ અભિયાન ચલાવવાની વ્યૂહરચના.

પ્રદેશ સંગઠન મહામંત્રીએ કાર્યકર્તાઓને સંબોધિત કરતાં જણાવ્યું કે, "આમ આદમી પાર્ટીનું શકિત કેન્દ્ર કાર્યકર્તાઓ છે અને જનતાની સમસ્યાઓને હૃદયથી સમજીને તેમના હક્ક માટે લડવાનું અમારૂં ધ્યેય છે. દરેક ગામ, દરેક બૂથ પર સંગઠન સક્રિય રહેશે તો રાજકીય પરિવર્તન અટકાવી શકાય એવું નથી."

પ્રદેશ સંગઠન મહામંત્રીએ ખાસ કરીને કૃષિ ક્ષેત્રના મુદ્દાઓને પ્રકાશમાં લાવી જણાવ્યું કે, "ખેડૂતોની લડત આમ આદમી પાર્ટીની પ્રથમ પ્રાથમિકતા છે અને ૭ ડિસેમ્બરની કિસાન મહાપંચાયત ખેડૂતોની માંગણીઓને રાષ્ટ્રીય મંચ પર પહોંચાડશે."

પ્રદેશ સંગઠન મહામંત્રીએ આહવાન કર્યુ કે, "ગામથી લઈને જિલ્લા સુધી સંગઠનનું માળખું માત્ર કાગળ પર નહીં પરંતુ લોકોના દિલોમાં બેસાડવું છે. લોકોની લાગણી અને પ્રેમ જીતવાનો છે. ચૂંટણી હોય કે લોકહિતના પ્રશ્નો અમારી લડત એમની માટે છે જેઓને અવાજ નથી."

બેઠકના અંતે દરેક વિધાનસભાએ પોતાના વિસ્તાર માટે આયોજન રજૂ કર્યુ અને આવનારા દિવસોમાં જિલ્લા સ્તરે વિશાળ સંગઠન અભિયાન ચલાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો.

---

### એસપીની સુચનાથી સર્વેલન્સ ટીમનો સપાટો

## બગસરાનાં માવજીંજવા તથા જામકા ગામે થયેલ ઘરફોડી ચોરીનાં ૨ ગુન્હાઓ ડિટેકટ થયા

**કાયદાનાં સંઘર્ષમાં આવેલ એક બાળ કિશોરની અટકાયત કરી અન્યની શોધખોળ આદરી**

અમરેલી, તા. ૨૯

બગસરા તાલુકાના માવજીંજવા ગામે રહેતા અમિતભાઈ વિનુભાઈ સાવલિયા ગત તા. ૧૧ના રોજ પોતાના મકાનના દરવાજે તાળુ મારી બહાર ગામ ગયેલ હતા. તે રાત્રી દરમ્યાન કોઈ અજાણ્યા ચોર ઈસમે બંધ રહેણાંક બંધ મકાનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી રૂમનું તાળુ તોડી મકાનમાં પ્રવેશ કરી રૂમના કબાટની તિજોરીમાં રાખેલ રોકડ રકમ તથા સોના ચાંદીના દાગીનાની ચોરી કરી લઈ ગયેલ હોય. જે અંગેની અજાણ્યા ચોર ઈસમ વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ હતી.

તેમજ બગસરા તાલુકાના ઝામકા ગામે રહેતાં રમેશભાઈ ડાયાભાઈ માયાણી ગત તા. ૨૪ના રોજ પોતાના મકાનના દરવાજે તાળુ મારી બહારગામ ગયેલ હતા. તે દિવસ દરમ્યાન અજાણ્યા કોઈ ચોર ઈસમે રહેણાંક બંધ મકાનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી રૂમનુ તાળુ તોડી મકાનમાં પ્રવેશ કરી રૂમના કબાટમાં રાખેલ રોકડ રકમ તથા સોનાના દાગીનાની ચોરી કરી લઈ ગયેલ હોય તે અંગે પણ અજાણ્યા ચોર ઈસમ વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ હતી.

જે અન્વયે બગસરા પોલીસ ઈન્સ્પે. આઈ.જે. ગીડાના માર્ગદર્શન હેઠળ બગસરા પોલીસ ટીમ દ્વારા ઘરફોડ ચોરીના અનડિટેકટ ગુન્હાઓનો ભેદ ઉકેલવા માટે સી.સી.ટી.વી. કેમેરાની મદદથી સઘન તપાસ કરી સંદિગ્ધ વ્યકિતઓની ખાનગી રાહે તપાસ ચલાવી ટેકનિકલ સોર્સ તથા હ્યુમન સોર્સનો ઉપયોગ કરી ચોક્કસ બાતમી રાહે બગસરા પોલીસ સ્ટેશનના ઘરફોડ ચોરીના બે ગુન્હાઓ ડિટેકટ કરી કાયદાના સંઘર્ષમાં આવેલ એક બાળ કિશોર આરોપીને ચોરીમાં ગયેલ મુદ્દામાલ સાથે ગણતરીના દિવસોમાં પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. જયારે આ બનવાનાં નાસતાં ફરતાં હરસુખ ઉર્ફે યુવી કાળુભાઈ વાઘેલા (રહે. સનાળી તા. વડિયા) તથા રોહિત કવુભાઈ જખાનીયાની પોલીસે શોધખોળ આદરી છે.

---

### મુસાફરોની સવાર બગાડતું એસ.ટી. તંત્ર

## બગસરામાં કંડકટર ન આવતાં જુનાગઢ રૂટની બસ દોઢ કલાક મોડી થતાં નારાજગી

**એસ.ટી. ડેપોનો વહીવટ સુધરતો જ નથી**

બગસરા, તા. ૨૯

બગસરા એસ.ટી. ડેપોમાં સવારના ૫:૩૦ કલાકે ઉપડતી બસ બગસરા–જુનાગઢ વાયા બીલખા કંડકટર ન આવતા વ્હેલી સવારે જતા પેસેન્જરોમાં ઉગ્ર રોષ જોવા મળ્યો. બગસરા એસ.ટી. ડેપોનો વહીવટ ખાડે જતા ડેપો મેનેજરની ઘોર બેદરકારીના લીધે પેસેન્જરમાં નારાજગી જોવા મળી છે. પેસેન્જર એક ગામથી બીજા ગામ જવા માટે આવી શિયાળાની કડકડતી ઠંડીમાં વ્હેલા જુનાગઢ જવા માટે સાડા પાંચની બસમાં જવા રવાના થઈ બસ સ્ટેન્ડે પહોંચે છે ત્યારે તે પોતે ચાર વાગ્યાના ઉઠયા હોય. ત્યારે બસ સ્ટેન્ડે આવતા પૂછપરછમાં જવાબ મળે છે કે કંડકટર આવ્યા નથી. હાલ બગસરા ડેપોમાં કંડકટરો જરૂર કરતા વધારે હોય છતાં પેસેન્જરોને આ ભયંકર પરિસ્થિતિનો સામનો કરવો પડે છે. આગામી તાલુકા પંચાયત, નગરપાલિકા, જિલ્લા પંચાયતની ચૂંટણી નજીક હોય ત્યારે ભાજપ સરકાર દ્વારા આવા અધિકારીઓને કડક હાથે કામ કયારે લેશે તે જોવાનું રહ્યું. ડેપો મેનેજરના કથળી ગયેલ વહીવટના લીધે પબ્લિક પીસાઈ રહી છે.


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

---

## લાઠીના પત્રકાર વિશાલ ડોડિયાનો આજે જન્મદિવસ



અમરેલી, તા. ૨૮

લાઠી શહેર અને તાલુકાના પ્રાણ પ્રશ્નો અખબારી માધ્યમથી ઉજાગર કરતા વિશાલ ડોડીયા આજે ૩૮ વર્ષ પૂર્ણ કરી ૩૯ માં વર્ષમાં મંગળ પ્રવેશ કરતા વિશાળ મિત્ર વર્તુળ સાથે રાજકીય સામાજિક અગ્રણીઓ દ્વારા તેમને શુભેચ્છાઓ પાઠવાઈ રહી છે.

અમરેલી જિલ્લાના પ્રતિષ્ઠિત અખબારો સાથે સંકળાયેલા વિશાલ ડોડીયાના નેટવર્ક થકી લાઠી પંથકમાં બનતી ઘટનાઓ અને લોકોના પ્રાણ પ્રશ્નો કલમની તંત્રને જાગૃત કરવાનું કુનેહ પૂર્વકનું પત્રકારત્વ કરી રહ્યા હોવાથી લાઠી પંથકમાં સારી એવી ખ્યાતીઓ ધરાવે છે.

ભાજપ કોંગ્રેસના રાજકીય મહાનુભાવો, સામાજિક અને શેક્ષણીક સંસ્થા સહિતના વિશાળ મિત્ર વર્તુળ દ્વારા મો. ૯૭૧૪૪૫૫૩૭૫ પર અભિનંદનની વર્ષા વરસાવી હતી.

---

## બગસરા : મેઘાણી હાઈસ્કુલનાં એનસીસી વિદ્યાર્થીઓ કેમ્પમાં જોડાવવા રવાના


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૮


બગસરામાં ઝવેરચંદ મેઘાણી હાઈસ્કુલ એનસીસીના વિદ્યાર્થી દસ દિવસ કેમ્પમાં મહારાષ્ટ્ર કોલાપુરનું આયોજન કરાયું. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી હાઈસ્કૂલ બગસરામાંથી તારીખ. ૨૩/૧૧/૨૦૨૫ ના રોજ એનસીસી કેમ્પમાં ધોરણ ૧૦ ના ૯ કેડેટ મહારાષ્ટ્ર કોલ્હાપુર મુકામે શિવજી ટ્રેકિંગ કેમ્પમાં જવા રવાના થયા એનસીસી ઓફિસર એમ ડી રાઠોડના માર્ગદર્શન હેઠળ તેઓ દસ દિવસ કેમ્પ પૂર્ણ કરી તારીખ. ૨/૧૨/૨૦૨૫ ના રોજ પરત ફરશે.

---

### ગૃહમંત્રી અને કોંગ્રી ધારાસભ્યનાં ગજગ્રાહ બાદ

## રમુજી પોસ્ટ વાયરલ : ૧૨૦૦ની બાટલીના ૧૫૦૦ અને ૪૦ની કોથળીનાં ૮૦ થઈ ગયા

**સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલ પોસ્ટની ચર્ચા**




સાવરકુંડલા, તા. ૨૮


છેલ્લા સપ્તાહથી નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સામે ખુલ્લેઆમ જંગ છેડનાર ખેડનાર કોંગ્રેસી ધારાસભ્ય જીગ્નેશ મેવાણી એ સમગ્ર ગુજરાતમાં ડ્રગ્સ અને દારૂના બેફામ થયેલા વેચાણ બાબતે જાહેરમાં જ આક્ષેપો કરી ઉગ્ર રોષ પણ વ્યક્ત કર્યો છે. ત્યારે બે મોટા રાજકીય માથાઓની આ લડાઈમાં દારૂ વેચનારા અને પીનારા પણ અડફેટે ચડી ગયા છે. ત્યારે સોશિયલ મીડિયામાં પણ રમૂજી પોસ્ટ ફરતી થઈ છે. સોશિયલ મીડિયામાં ફરતી થયેલી પોસ્ટમાં લખવામાં આવ્યું છે કે બે નેતાની લડાઈમાં ૧૨૦૦ ની બાટલીના ૧૫૦૦ થયા અને ૪૦ થી કોથળીના ૮૦ થઈ ગયા, સામાન્ય રીતે બુદ્ધિજીવી વર્ગના લોકો સાચી વાત હોય તો તે પણ રમુજના મૂડમાં જ કરી દેતા હોય છે. સોશિયલ મીડિયામાં ફરતી થયેલી પોસ્ટે પણ ચર્ચા જગાવી છે કે ખરેખર આવું થયું હશે.? અને જો આવુ થયુ હશે તો પ્યાસીઓ પણ મનોમન બે મોટા રાજકીય નેતાઓ આ પ્રશ્નને ચગાવવાનું બંધ કરે તેવી અપેક્ષા સેવી રહ્યા હશે.

---

### અદ્દભૂત દ્રશ્ય મોબાઈલ કેમેરામાં કેદ

## કોવાયા ગામનાં પાવર પ્લાન્ટ નજીક જંગલનાં રાજાનાં રખોપા

**ઔદ્યોગિક વિસ્તારમાં સિંહનાં આટાફેરા**



અમરેલી, તા. ૨૮

રાજુલાનાં કોવાયા ગામે ફરી એકવાર સિંહોની હાજરી જોવા મળી છે. અલ્ટ્રાટેક કંપનીના ટીપીપી પાવર પ્લાન્ટના મુખ્ય ગેટ પાસે ત્રણ સિંહો નિર્ભય બની બિરાજમાન થતાં સુરક્ષાકર્મીઓ સહિત સ્થાનિકોમાં આશ્ચર્ય ફેલાયું હતું. ગેટ પર સિંહો એવા રીતે બેસીને આસપાસ નિહાળી રહ્યા હતા કે જાણે કંપનીની ચોકીદારી તેઓ જ સંભાળી રહ્યા હોય.

આ અદ્દભૂત દ્રશ્ય સુરક્ષાજનોએ પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કરી લીધા અને વીડિયોએ સ્થાનિકોમાં ભારે ચર્ચા જગાવી છે. સિંહોને નજીકમાં રખોપાં કરતા જોઈ લોકો થોડી દૂરથી જ આ દ્રશ્યો નિહાળી રહ્યા હતા. સદનસીબે કોઈ જાનહાનિ કે અહિતની ઘટના સામે આવી નથી.

ગીર વિસ્તાર સાથે જોડાયેલા ગામોમાં સિંહોની આવી હાજરી સામાન્ય બની રહી છે, પરંતુ ઔદ્યોગિક વિસ્તાર સુધી સિંહોની હિંમતભરી એન્ટ્રી ચિંતાનો વિષય બની રહી છે. વનવિભાગને ઘટનાની જાણ કરવામાં આવી છે અને તંત્ર તરફથી રાત્રી પેટ્રોલિંગ વધારવામાં આવશે એવી અપેક્ષા છે. સિંહોના આ રખોપાંના દ્રશ્યો ફરી એકવાર ગીરના રાજાનું રાજ દર્શાવે છે.

---


**જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર**

અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...

અનિલસિંહ જનવાર : Mo.9426831241

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

**આંબાનો બગીચો વેચવાનો છે.**

ધારીથી માત્ર ૫ કિલોમીટર દુર...
ધારી–અમરેલી રોડ ઉપર કુલ–૨૧ વીઘા

આંબા - ૧૩૦૦ (૮ વર્ષના) + ૭૦૦ (૪ વર્ષના) = ૨૦૦૦ (ટોટલ આંબા)

રાવણા - ચીકુ - લીંબુડી - નાળીયેરી

૨૦ HP / ૧૫ HP નાં ૨(બે) કનેકશન

૭૫૦ ફુટના ૨ (બે) બોર

૧૫ વીઘામાં જીણીનેટ બાંધેલ


મજુરો માટે ૨ (બે) પતરાની રૂમો

સંપર્ક મો. ૯૬૩૮૪ ૫૨૩૩૩

**શું તમને સાંભળવાની તકલીફ છે ?**

- નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે

સરકારી નોકરીયાત / પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય



કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

**અવતાર**
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક

ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

## ખેડૂતોને વિલંબ થતો હોય રાજય સરકાર દ્વારા મહત્વનો નિર્ણય

# બાબરામાં મગફળીની ટેકાના ભાવે ખરીદી માટે વધુ એક કેન્દ્ર શરૂ

**તાલુકા કૃષિ સેવા સહકારી મંડળને મગફળીની ખરીદી કરવાની મંજૂરી મળતાં ખેડૂતોમાં હાશકારો**

**અમીધારા જિન ખાતે ખરીદી શરૂ થતાં મોટી સંખ્યામાં ખેડૂતો મગફળી લઈને પહોંચ્યા**

**ખરીદી સેન્ટર ઉપર ખેડૂતો માટે પાણી સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાઈ**

**પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર, મંડળીનાં પદાધિકારીઓ, ગુજકોનાં અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૨૯

બાબરામાં માર્કેટીંગયાર્ડમાં દેવભૂમિમાં રાજય સરકાર દ્વારા એકજ મંડળીને મગફળીની ખરીદી કરવાની મંજૂરી હતી જેના કારણે મોટું રજિસ્ટ્રેશન હોવાથી ખરીદી ધીમી ગતિએ ચાલતી હતી. જેના કારણે ખેડૂતો દ્વારા માંગ પણ કરવામાં આવી હતી કે રાજય સરકાર દ્વારા બાબરા તાલુકામાં વધુ એક સેન્ટર ટેકાના ભાવે મગફળી ખરીદી કરવા ફાળવવામાં આવે. ત્યારે રાજય સરકાર દ્વારા ખેડૂતોના હિત અને ખેડૂતોને કોઈ મુશ્કેલીઓ ન પડે તે માટે તાલુકા કૃષિ સેવા સહકારી મંડળીને મગફળી ખરીદી કરવાની મંજુરી આપવામાં આવી છે.

બાબરા તાલુકા કૃષિ સેવા સહકારી મંડળી દ્વારા ખરીદી સેન્ટર અહીં અમરેલી રોડ પર બંધ પડેલ અમીધારા જિનમાં આજથી વિધિવત ખેડૂતોના હસ્તે ખરીદી શરૂ કરવામાં આવી છે. ૫૧ ખેડૂતોને મંડળી તરફથી મેસેજ મોકલવામાં આવતા વ્હેલી સવારે મોટી સંખ્યામાં ખેડૂત વાહનમાં મગફળી ભરી ખરીદી સેન્ટર પર પહોંચ્યા હતા. અહીં ખેડૂતોને સ્થળ પર સેમ્પલ લેવામાં આવશે તેમજ જોખવાની કામગીરી પણ સ્થળ થઈ રહી હોવાથી ખેડૂતોને દોડા થતા નથી તેમજ અહીં ખેડૂતોને ચા-પાણીની ૨૪ કલાક સુવિધા ઉપલબ્ધ મંડળી તરફથી કરવામાં આવી છે.

આ તકે તાલુકા કૃષિ સેવા સહકારી મંડળીના ચેરમેન જગદીશભાઈ નાકરાણી, વાઈસ ચેરમેન હરેશભાઈ આખજા, પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર, ખાખરીયા મંડળીના પ્રમુખ અજિતભાઈ ખોખરીયા, ગુજકોમસોલના અધિકારીઓ તેમજ ખેડૂતો અને સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર દ્વારા જણાવ્યું હતું કે બાબરા તાલુકાના મોટા પ્રમાણમાં ખેડૂતોની ટેકાના ભાવે રજિસ્ટ્રેશન થયું હોવાથી બીજા સેન્ટરની ખૂબ જરૂરિયાત હતી. ત્યારે રાજય સરકાર દ્વારા બીજું સેન્ટર ફાળવતા ખેડૂતોને મોટી રાહત મળી છે.

બાબરા તાલુકા કૃષિ સેવા સહકારી મંડળીના ચેરમેન જગદીશભાઈ નાકરાણી દ્વારા જણાવ્યું હતું કે રાજય સરકાર અને ગુજકોમસોલ તરફથી ટેકાના ભાવે કૃષિ સેવા સહકારી મંડળીને ખરીદી કરવાની મંજૂરી આપી છે અને મંડળી તરફથી ખરીદી શરૂ કરવામાં આવી છે. ખેડૂતોને કોઈપણ બાબતની સમસ્યા ન થાય તે રીતે મંડળી ખરીદી કરી રહી છે.

HONDA સ્ટાફ જોઈએ છે
The Power of dreams સપનાઓ થશે સાકાર...
(૧) વોશીંગ બોય.....................૦૩
(૨) હેલ્પર.............................૦૩
(૨) મિકેનિક..........................૦૩
રસ ધરાવતા વ્યકિતઓએ રૂબરૂ સંપર્ક કરવો
સંપર્ક સમય : સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦, સાંજે ૫:૦૦ થી ૭:૦૦
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી, Mo. 8200500295, 8000230447
રીઝયુમ parikhautomobilesamreli@gmail.com ઉપર મોકલશો

શું તમે હરસ.મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાય છો..?
શરમ સંકોચ છોડો.સહન ન કરો.સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા
BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilo nidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, ક્પાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિત્તાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ
20000+ દર્દીઓની તપાસ
3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૯,પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

શુદ્ધ ઘી નાં અડદીયા
મગડી ગુંદીનાં લાડુ
ગુલાબ જાંબુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઈ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન રીયલ એસ્ટેટ
MAHAJAN REAL ESTATE
ઉપલબ્ધ સુવિધાઓ
મિલ્કત લે - વેચ
મિલ્કતની ઈન્ડેકસ | નવી મિલ્કતનું ડેવલોપમેન્ટ
મિલ્કત PR કાર્ડ ડાઉનલોડ | મિલ્કતના સ્કેચ - ઓટોકેડ
મિલ્કતનો ઈ-સર્વે (ડ્રોન) | મિલ્કતનો ભાડા કરાર
મિલ્કતનો ઈ-સર્વે (DGPS) | મિલ્કત ઉપર લોન - મોર્ગેજ
મિલ્કતનું રિનોવેશન | મિલ્કતનું ઈ-માર્કેટીંગ
રિ-ડેવલોપમેન્ટ | મિલ્કતનું જીઓ-ટેગીંગ
નવલ મકવાણા
રેરા એપ્રુવ્ડ રીયલ એસ્ટેટ એજન્ટ
95 86 86 2345
ગ્રાઉન્ડ ફલોર, વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)

YAMAHA Revs Your Heart
BOOK NOW TO AVOID FESTIVE RUSH
PRICED NOW AT ₹1,45,190 ₹1,33,132
THANK YOU, GST!
GST BENEFIT ₹12,058* + INSURANCE BENEFIT UP TO ₹6,501*
FZS-Fi HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૯ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL
મારૂતિ સુઝુકી ઓથોરાઈઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
એકાઉન્ટન્ટ..૨
કમ્પ્યુટર ઓપરેટર..૩
હેલ્પર..........૩
માત્ર અનુભવી સંપર્ક કરે
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪ / ૯૪૯૯૯ ૫૨૧૦૪

Hero
A SMART FAMILY-FRIENDLY SCOOTER POWERED FOR A SMOOTH AND EFFICIENT RIDE.
ENGINE | TORQUE | KERB WEIGHT | BRAKES
DESTINI
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

**પ્રકરણ .. ૨૬૧, - ૧૯૬૫**

## આજા તેરી..યાદ આઈ.. કે આજા તેરી... યાદ આઈ. ઓ ધરમ તેરી યાદ આઈ ચલા ભી આ.. આજા રસિયા.. ઓ જાને વાલે.. આજા તેરી યાદ સતાએ, યે દિલ તુમ બિન કહી.. લગતા નહીં.. હમ.. કયાં કરે....

**પ્રિય વાચક મિત્રો**

ધર્મેન્દ્ર – ધર્મેન્દ્ર એટલે ધરમ સિંગ, તેમનું નામ ધરમ કેવલ કૃષ્ણ દેઓલ હતું તેમનો જન્મ ૮-૧૨-૧૯૩૫ના રોજ પંજાબ લુધિયાના પાસેના નાના એવા ગામમાં પંજાબી જાટ પરિવાર માં થયો. તેમનું પિતૃક ગામ રાયકોટ પાસેનું ડોંગા ગામ હતું, પણ ધરમના પિતા એક સ્કૂલમાં આચાર્ય હતા, અને તેથી તેઓ સાહેનેવાલ ગામમાં સ્થાયી થયા હતા, ધરમને નાટક અને અભિનયમાં વધુ રસ હતો, તેઓએ દિલ્લગી ફિલ્મ ૩૦ વાર જોઈ હતી, અને તેઓ પણ હિન્દી સિનેમામાં દિલિપ કુમારને આદર્શ માની, અભિનેતા બનવાના સપના જોતાં હતા, તેઓ મુંબઈ પણ ગયા, પણ હિન્દી સિનેમા માં કામના મળ્યું, તેઓ પાસે રૂપિયા ના હતા, તેઓ એક ગેરેજમાં કામ કરતાં અને રાતે ત્યાં જ સૂઈ રેહતા હતા, તેમને માત્ર ૨૦૦ રૂપિયા મળતા હતા, તે સમયે અગ્રવાલ પરિવારે તેમની સાર સંભાળલીધી હતી, ધરમ કામના મળતા પંજાબ પરત પણ ગયા હતા. ત્યારબાદ ફિલ્મફેર એક પ્રતિયોગિતા બહાર પાડી હતી, જેમાં અભિનયમાં રસ ધરાવતા યુવાનો ભાગ લેવા ના હતા, ધરમે તેમાં ફોર્મ ભર્યું, અને તેઓ તે પ્રતિયોગિતામાં પ્રથમ આવ્યા પણ સફળતા મળી નહીં. તે સમયે મનોજ કુમાર તેના મિત્ર હતા, અને તેઓ બન્ને સંઘર્ષ કરી રહ્યા હતા, એક દિવસ ધરમ થાકીને રૂમ પર આવ્યા તેઓ એ તે દિવસે કશું ખાધું ના હતું. અને તેઓએ ઈસબગુલના પેકેટમાંથી ભૂખ દૂર કરવા તે ઈસબગુલ ખાઈ ગયા હતા, અને તેમને ઝાડા ઉલ્ટી થઈ ગયા




હતા, ડોકટરે તેમને સારવાર આપી અને ખોરાક પણ આપ્યો હતો, આવા સંઘર્ષના દિવસો ૧૯૬૦ માં થોડા ઘણા અંશે પૂરા થયા હતા.તેઓ નિર્દેશક અર્જુન હિંગોરાનીના સંપર્કમાં આવ્યા અર્જુને ત્યારે હિન્દી સિનેમામાં નવા હતા, અને ૧૯૫૮માં આબાના ફિલ્મ માટે નિર્દેશન કરી ચૂકયા હતા, ધરમનું નામ બદલી તેમણે ધર્મેન્દ્ર કર્યું, અને ૧૯૬૦ માં તેમની ધર્મેન્દ્ર સાથેની ફિલ્મ અને ધર્મેન્દ્રની પ્રથમ ફિલ્મ 'દિલ ભી તેરા હમ ભી તેરે 'પ્રદર્શિત થઈ, ફિલ્મ એટલી બધી સફળના થઈ પણ ધર્મેન્દ્ર અને અર્જુનની ગણના નવોદિત કલાકારોમાં જરૂર થઈ.૧૯૬૧માં બોય ફ્રેન્ડ ફિલ્મ આવી, પણ સફળતાના મળી, અને ૧૯૬૨માં સુરત એર સિરત ફિલ્મથી તેમની ગણના એક સારા કલાકાર રૂપે થવા લાગી, અને ત્યારબાદ તેઓ ધીમે ધીમે સફળતા પ્રાપ્ત કરતાં ગયા,૧૯૬૫માં આઈ મિલન કી બેલા ફિલ્મ જેમાં રાજેન્દ્ર કુમાર નાયક અને ધર્મેન્દ્ર ખલનાયક બન્યા, ત્યારબાદ ધર્મેન્દ્રએ મનોમન નક્કી કર્યું કે તેઓ હિન્દી સિનેમામાં સફળ થાય કે ના થાય પણ સામાન્ય ભૂમિકાઓ કે ખલનાયકની ભૂમિકા નહીં ભજવે ૧૯૬૫ના સમયમાં તેઓ તે સમયની અભિનેત્રી મીના કુમારીના સંપર્કમાં આવ્યા. અને તેમની મીનાજી સાથે ૧૯૬૫માં બે ફિલ્મો આવી જેમાં કાઝલ સફળ રહી,૧૯૬૬ની ફૂલ એર પથ્થર ફિલ્મ જે મીનાજીની ભલામણથી તેમને મળી હતી અને આ ફિલ્મ દ્વારા ધર્મેન્દ્ર એક હી મેનની ભૂમિકામાં છવાયા હતા,ત્યારબાદ સત્યકામ, આંખે બાદ તેઓએ સફળતા પ્રાપ્ત કરી હતી.તેમના વ્યક્તિગત જીવનમાં તેઓ બે લગ્ન કર્યા છે, પ્રકાશ કેર જે એક સારા ગાયિકા હતા, તેમની સાથે ધર્મેન્દ્ર ના લગ્ન માત્ર ૧૯ વર્ષની વયે થયા હતા, ધરમ અને પ્રકાશ કેરના ચાર સંતાનો થયા, જેમાં બે પુત્રી અને બે પુત્રોનો સમાવેશ

### ફિલ્મી સફર
(એક ઈતિહાસ)
હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

છે,૧૯૭૦માં હેમા માલિની સાથે 'તુમ હસી મે જવા 'ફિલ્મ થી શરૂ થયેલ અભિનયકારકિર્દી તેમની જોડીની સફળતાના લીધે પ્રણયમાં પરિવર્તિત થઈ શોલે ફિલ્મના શૂટિંગ દરમ્યાન તે બન્નેએ પ્રેમને લગ્નમાં ફેરવવાનું નક્કી કર્યુ અને ૧૯૮૦માં તેમનો સંબંધ લગ્નમાં પરાવર્તિત થયો. કેહવાય છે કે બન્નેએ ઈસ્લામ ધર્મ અપનાવી આ લગ્ન કરેલા, પણ ધર્મેન્દ્ર તે વાતનો વિરોધ કરતાં હતા, તે સમયે કોંગ્રેસ પાર્ટીના અમુક નેતાઓએ તેમની સામે ફરિયાદ પણ દાખલ કરેલ, ધર્મેન્દ્ર અને હેમા માલિનીના દાંપત્ય જીવનમાં તેમને બે પુત્રીઓ પ્રાપ્ત થઈ હતી, હેમાજી ધરમ સાથેના લગ્ન બાદ અલગ રીતે જ રેહતા હતા, પ્રકાશ કેર અને હેમાજી એક જ ઘરમાં સાથે રહ્યા ના હતા.ધરમજી ૨૦૦૪માં બી.જે.પી.ના બીકાનેરના સાંસદ સભ્ય પણ રહી ચૂકયા છે, તેમને,૧૯૯૭માં લાઈફ ટાઈમ અચીવમેંટ એવાર્ડથી સન્માનીત કરાયા હતા. અને સરકારે તેમની કદર કરી તેમને ૨૦૧૨માં પદ્મ ભૂસણથી સન્માનીત કરેલ છે, ધરમજીએ ૩૦૦ થી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે, અને પોતાના હોમ પ્રોડકશનમાં પણ સફળ ફિલ્મો આપી છે. તેમણે રાજકીય કારકિર્દીમાં એક વાર જાહેરમાં૨૦૦૫માં કહેલું કે ભારતને એક તાનાશાહી શાસકની જરૂર છે, તે સમયે તેઓ પર માછલા ધોવાયા હતા.પણ ધર્મેન્દ્રને રાજકીય રીતે કામ કરવાની મજાના આવી, કારણ કે સ્વભાવમાં ગરમ ધરમ અંદરથી એકદમ નરમ હતા, અને તેઓ ફરી તેઓ રાજકારણમાં સક્રિય રહ્યા ના હતા.ધર્મેન્દ્ર એક કલાકારરૂપે તેમના દેહાંત સુધી સક્રિય રહ્યા હતા, ૧૯૬૦ની ફિલ્મ દિલ ભી તેરા હમ ભી તેરે થી શરૂ થયેલ કારકિર્દી તેઓએ જીવનના અંત સુધી કાર્યરત રાખી હતી. ૨૦૨૪માં તેમની ફિલ્મ તેરી બાતોંને એસા ઉલઝા દિયા પ્રદર્શિત થઈ હતી.અને ૨૦૨૫માં તેમની ફિલ્મ ઈકકીસ હજુ પ્રદર્શિત થઈ નથી. ધર્મેન્દ્રએ ૧૯૬૦ થી તે સમયના



નામકિત નિર્માતા અને નિર્દેશકો સાથે કામ કર્યુ હતું, અર્જુન હિંગોરાની, ઋષિકેશ મુખર્જી, યશ ચોપડા, રમેશ સીપપી, મનમોહન દેસાઈ જેવા નિર્માતા અને નિર્દેશકો સાથે કામ કર્યુ છે, સાથે અભિનેતામાં તેમણે અમિતાભ, રાજેશ ખન્ના, જીતેન્દ્ર જેવા તેમના સમકક્ષ અને ચંકી પાંડે, ગોવિંદા, જેવા કલાકારો સાથે પણ કામ કર્યું છે, તે તથા તેમના બે પુત્રો સન્ની અને બોબી સાથેની અપને ફિલ્મ સફળ રહી હતી, તે ફિલ્મનો બીજો ભાગ પણ બનવાનો હતો. ધર્મેન્દ્રએ મીના કુમારી, મુમતાઝ, આશા પારેખ, નુતન, હેમા માલિની, રેખા, રાખી જેવી અભિનેત્રીઓની સાથે કામ કર્યા ઉપરાંત ડીમ્પલ, અનીતારાજ, શ્રીદેવી, જયા પ્રદા જેવી અભિનેત્રીઓ સાથે પણ કામ કર્યુ છે, એક સમય એવો હતો કે તેઓ અને પુત્ર સન્ની બન્નેની અભિનેત્રી અલગ અલગ ફિલ્મમાં એક જ રેહતી હતી. ટાઈમ્સ અને મિડ – ડે એ ધર્મેન્દ્રને વિશ્વના શ્રેષ્ઠ હેન્ડસમ પુરૂષમાં સ્થાન આપ્યું છે. આવા કલાકાર હમેશા અમર રેહતા હોય છે. ધર્મેન્દ્રએ ૨૪/૧૧/૨૦૨૫ના રોજ આ દુનિયા છોડી અમર થયા હતા. ધર્મેન્દ્રની ઘણી વાતો છે જે તેમની ફિલ્મો સાથે કરતાં રહશું.૧૯૬૫ના ફિલ્મી સફરમાં આજે આપણે અભિનેતા વિશ્વ જીતની ફિલ્મો વિષે વાત કરવાના હતા, પણ ધર્મેન્દ્રજીને શ્રદ્ધાંજલી પણ જરૂરી હતી. વિશ્વ જિતની ૧૯૬૫માં બે ફિલ્મો આવી. જેમાં એક સુપર હિટ રહી જેની વાત આગામી અંક માં કરીશું.દો દિલ – ઋષિકેશ મુખર્જીના નિર્દેશનમાં, અને ઉતમ ચિત્રાના નિર્માણમાં, કેફી આઝમીના રચાયેલ ગીતો અને હેમંત કુમારના મધુર સંગીતમાં મન્ના – ડે, લતાજી, ઉષા મંગેસકર, આરતી મુખર્જી, રફી સાહેબ અને સુરૈયાથી સ્વર બધ્ધ ગીતો સાથે આ ફિલ્મમાં બિશ્વજિત, રાજશ્રી,મુમતાઝ, મેહમુદ, દુર્ગા ખોટે, કમલ કપૂર, અસિત સેન, અને પ્રાણે અભિનય આપ્યો હતો. આ રંગીન ફિલ્મની કથા એક રાજાની કથા છે, જે આઝાદી બાદ તેની પ્રજાને ગુલામ નહીં પણ જનતા સમજે છે. કહાની ટૂંકમાં જોઈએ તો, દુર્ગાના ભાઈ એક રાજા છે, અને તેના પુત્રએ તેની ઈચ્છા વિરૂદ્ધ લગ્ન કરેલ તેથી તેમણે તેને રાજય બહાર કરેલ હતો, વર્ષો બાદ તેનો પૌત્ર એક બ્રાહમ્નને ત્યાં યુવાન થાય છે, પણ તે યુવાન બિશ્વજિતને તેના દાદા રાજા બનાવી ને જાય છે, બિશ્વજિત રાજા બને તે તેના પિતરાઈ ભાઈ પ્રાણને પસંદ નથી. બિશ્વજિત એક સરળ યુવાન છે, મેહમુદ તેને એક મિત્રનો સહારો આપે છે. આ રાજની આદિવાશીઓ સાથે દુશ્મની છે. પ્રાણ આદિવાશી આની યુવાન સ્ત્રીઓને ઉપાડી ને રાજમાં વેશ્યારૂપે રાખે છે. આ વાત બિશ્વજિતને પસંદ પડતી નથી. કારણ કે બિશ્વજિતએ આદિવાશીની યુવતી રાજશ્રીને ચાહે છે.રાજશ્રીના પિતાને આ સંબંધ મંજૂર નથી. સાથે રાનીમાં દુર્ગા પણ આ સંબંધથી નારાજ છે, પ્રાણ આ મોકાનો ફાયદો લેવા તૈયાર છે, પણ બિશ્વજિત તેને સફળ થવા દેતો નથી, પણ પ્રાણ કોઈ પણ ભોગે રાજા બનવાની ઈચ્છા રાખે છે, પ્રાણની હરકતોથી રાનીમાં દુર્ગા પરિચિત થતાં તે જ પ્રાણનો સંહાર કરે છે અને બિશ્વજિત તે રાજયનો રાજા બને છે, સાથે તમામ જનતાને રાજયના સાથી બનાવે છે. આ ફિલ્મ સફળના રહી. આગામી અંકમાં બિશ્વજિત અને આશા પારેખની સુપર હિટ ફિલ્મો અને મનોજકુમારની ફિલ્મો સાથે મળીશું. આભાર હિતેશ જોશી.

## * અસ્વસ્થ જીવનશૈલી ( Life Style Deases ) ભાગ-૫ *

ગત સપ્તાહ આપણે દિનચર્યામાં બ્રાહ્મ મુહર્તમાં ઉઠવાની ચર્ચા કરી ઉઠયા બાદની તરત કરવાની ક્રિયા એટલે ઉષ;પાન અને લાઈફ સ્ટાઈલ ડીસીઝમાં આપણે ડાયાબીટીસની ચર્ચાને આગળ વધારીએ.


**ઉષ:પાન :** ઘણા લોકો સવારે ઉઠયાથી બપોર સુધી પાણી પીતા નથી જે વૈજ્ઞાનિક રીતે આરોગ્યપ્રદ નથી, વહેલા ઉઠી પાણી વડેમોં સાફ કરી, જેટલું પિવાય તેટલું પાણી પીંવુ આરોગ્યપ્રદ છે. સુતી વખતે અને સુઈ ઉઠયા બાદ એક લોટો (૪૦૦ એમ. એલ. ) પાણી પીવાથી કબજીયાત, પાચનશક્તિ, પેશાબની છુટ આ બધા માટે સારૂ છે. પાણીથી આંતરડામાં રહેલો મળ આગળ ધકેલાય છે. આપણો વિસ્તાર ક્ષાર વાળો અને ઉષ્ણકટીબંધ હોવાથી ખાસકરીને પથરી અને કબજીયાત થવાની શકયતા વધુ રહે છે. પથરીના દર્દી માટે પણ ઉષ : પાન ખુબ ફાયદાકારક રહે છે, જે લોકોને કબજીયાત રહેતી હોય તેના માટે એક અનુભુત પ્રયોગ સુચવુ છુ, સવારે વહેલા ઉઠી ખાલી પેટે ૨ ગ્લાસ (૪૦૦ એમ.એલ.) નવશેકુ પાણી પી ત્યારબાદ બંને હાથ ઉપર કરી આખા શરીરને પગના પંજા ઉપર (તાડાસન) કરી જો ૧૦૦ ડગલા ચાલવામાં આવે તો કબજીયાત થી છુટકારો મળશે, કારણ ગરમ પાણી પીવાથી મળ આગળ ધકેલાશે અને પગના પંજા ઉપર આખા શરીર ને ખેચવાથી આંતરડામાં ચોટેલ મળને નીચેની બાજુ કાઢવામાં મદદ થશે.

**ડાયાબીટીસને જાણીએ :** કોરોનાને કારણે જે મૃત્યુ થયા છે તેમાં મોટાભાગનાં કેસોમાં એવું સામે આવ્યું છે કે જે લોકોએ કોરોનાનાં લક્ષણો દેખાણા હોય પણ કોઈપણ કારણસર રીપોર્ટ કરવાવામાં મોડું કર્યુ હોય અને પછી સંક્રમણ છેક સુધી ફેલાઈ ગયું હોય આવા કેસોમાં મૃત્યુનું પ્રમાણ ખુબ ઉચું જોવા મળે છે.




રિપોટર્સ મોડા કરવાનું મુખ્ય કારણ સૌથી પ્રથમ આપણો ડર છે કે રિપોટર્સ કરાવશું ને કાઈ આવશે તો ? આ માટે આપણી શાહમૃગ વૃતિ (પલાયનવાદી) કયાંકને કયાંક જવાબદાર છે એટલે કે જયારે આફત દેખાય ત્યારે મોઢું સંતાડી દેવું અને સંતોષ માનવો કે હવે આપણે બચી ગયા, જેવી રીતે શાહમૃગ પક્ષી દુશ્મનને જોઈને રેતીમાં માથું સંતાડી દે છે ને માને છે કે હવે દુશ્મન મને નહિ જોઈ શકે.

બીજું કારણ આપણો ઓવર કોન્ફિડન્સ કે મને કાઈ નો થાય હાલનાં સંજોગોમાં પણ એવું થઈ રહ્યું છે, દર્દી અમારી પાસે આવે શરદી જેવું હોય, શરીરમાં કારણ વગરનો થાક લાગતો હોય અમે સલાહ આપીએ કે કોરોનાનો ટેસ્ટ કરાવી લો એટલે તરત કહે સાહેબ આવું આ સિઝન દરેક વાર મને થાય જ છે મને એલર્જી છે એટલે શરદી તો થયા જ કરે એવું કહી લક્ષણોને અવગણે છે અને પછી રોગ ખુબ આગળ વધી જાય ત્યારે રિપોટર્સ કરાવા જાય અને કદાચ ત્યારે ખુબ મોડું થઈ ગયું હોય છે. મિત્રો દર વર્ષે તમને થતી શરદી અને અલર્જી અને આ વર્ષે થતી શરદીમાં ખુબ ફેર છે આ વર્ષે તમને સામાન્ય લક્ષણ જણાય તો પણ કોરોનાનો ટેસ્ટ કરાવી લેજો.આનો સીધો અર્થએ થયો કે રોગને આપણા શરીરમાં બળવતર બને પછી જ આપણે સારવાર શરૂ કરીએ છીએ આપણે ત્યાં તો તો એવું કહેવાય છે કે




રોગ અને દુશ્મનને ઉગતો જ ડામવો સારો એકવાર મજબુત બની ગયા પછી આપણે તેની સામે હારી જઈશું. આવું જાણતા હોવા છતાં આપણે શરીર બાબતે કોઈ કાળજી નથી લેતા કે તેને માટેની જરૂરી તપાસ નથી કરાવતા.આપણા સમાજમાં આરોગ્ય બાબતની જે જાગૃતિ જોઈએ તેવી હજુ નથી પરિણામે લાઈફ સ્ટાઈલ ડીસીઝ (ડાયાબિટિઝ, હાઈપર ટેન્શન, સ્થૂળતા..) આટલા મોટા પ્રમાણમાં આપણે ત્યાં જોવા મળે છે. ડાયાબિટીસમાં પણ એવું જ થઈ રહ્યું છે અમે જયારે દર્દીને તેમના લક્ષણ જોઈ સલાહ આપીએ કે એક વાર ડાયાબિટીસની તપાસ કરાવી લો એટલે તરત કહે સાહેબ હું એવું કાઈ બોવ ગળ્યું ખાતો નથી એટલે મને એવું કાઈનો હોય એવું કહી માથું મારે અને પરિણામે ડાયાબિટીસ ખુબ વધી જાય અને તેના કારણે, આંખ, કિડની કે હૃદયને નુકશાન શરૂ થઈ જાય પછી આપણે જાગીએ છીએ.મને એક વાતનું કાયમ આશ્વર્ય થાય છે કે આપણી પાસે વાહન હોય અને તેમાં કોઈ મુશ્કેલી ન હોય તો પણ નિયમિત તેની સર્વિસ કરાવાતા હોઈએ છીએ, આપણને ખબર છે કે વાહનની જો નિયમિત સર્વિસ નહિ કરાવીએ તો તે બરાબર નહિ ચાલે પણ જેના ઉપર આપણા આખા જીવનનો આધાર છે તે શરીર બાબતે આપણે તેવી કાળજી નથી રાખતા, આજ સુધીમાં એવું કયારેય નથી બન્યું કે કોઈ વ્યક્તિ સંપૂર્ણ સ્વસ્થ હોય અને અમારી પાસે ચેક – અપ કરાવવા આવ્યા હોય, આપણે એવું જ સમજીએ છીએ કે ડોકટર પાસે ત્યારે જ જવાય જયારે કોઈ તકલીફ હોય. સ્વાસ્થ્ય બાબતે જાગૃત થવાનો સમય આવી ગયો છે કારણ આવા કોરોના જેવા રોગો અવાર નવાર આપણી ઉપર એટેક કરવાના છે અને આપણે કોઈ ડાયાબિટીસ જેવા (લાઈફ સ્ટાઈલ ડિસીઝ ) રોગોથી પીડાતા હોઈશું તો હારી જઈશું.**આપણે ડાયાબીટીસ ને બરાબર જાણીએ :-** જેને આપણે મધુપ્રમેહની બિમારી તરીકે ઓળખાવીએ છીએ તે ડાયાબિટીસનું આખું નામ ડાયાબિટીસ મેલાઈટસ છે.ડાયાબિટીસ એટલે વધુ પેશાબ અને મેલાઈટસ એટલે મીઠું (મધ જેવું) – મધ જેવો મીઠો પેશાબ એટલે મધુમેહ.ચિકિત્સા શાસ્ત્રનો આ એક પ્રાચીન રોગ છે. જે વર્તમાનમાં વિશ્વ વ્યાપીરૂપમાં મળે છે. આના રોગીઓની સંખ્યા નિરંતર વધી રહી છે. આયુર્વેદમાં પ્રમેહ અંતર્ગત મધુમેહનું વર્ણન જોવા મળે છે. આયુર્વેદમાં ૧૦ પ્રકારના કફજ પ્રમેહ, ૬ પ્રકારના પિતજ પ્રમેહ અને ૪ પ્રકારના વાતજ પ્રમેહ બતાવ્યા છે જેમાં મધુમેહએ વાતજ પ્રમેહનો એક પ્રકાર છે.**(ક્રમશઃ)**

## હરસ-મસા-ભગંદર-ફીશર રોગો વિશે અને તેનાથી બચવા સોનેરી સૂચનો - પરેજી અને સારવાર

હરસને આ મશીનથી બહારના મસાની સારવાર થતી નથી. તેના ચાર મેજર કોમ્પ્લીકેશન પણ થઈ શકે છે. જે આ પ્રમાણે છે.(૧) એનોરેક્ટલ સ્ટેનોસીસ, (૨) પેલવીરેક્ટલ ફીશચ્યુલા (ભગંદર), (૩) પ્રોફ્યુસ બ્લીડીંગ – વધારે પડતું લોહી પડવું. (૪) ઈનકોન્ટીનન્સ–મળ ત્યાગનો કંટ્રોલ જતો રહેવો.- DGUHL - [Doplar, Guided Uttrasonic Hemorrhoidal Artery Ligation] - પ્રોસીજર ફોર પ્રોલેપ્સ પાઈલ્સજાપાનનાં સર્જન ડો. કે મોરી નાગાએ–૧૯૯૫માં હરસ–મસાના દર્દીની સારવાર માટે આધુનીક ટેકનીક મશીનની મદદથી હરસને પોષણ આપતી લોહીની નળીઓને આવાજના મોજાની મદદથી શોધીને બંધ (લાઈગેશન) કરવામાં આવે છે. તેના માટ તેમણે એક નવુ જ મશીનનું સંશોધન કર્યુ જેને ટુંકમાં ઈઅક–હેલ ટેકનોલોજી કહે છે. વિકસીત દેશોમાં ખુબ સફળ થયેલ છે. આ અમેરીકન જાપાનીઝ ટેકનીકથી હિમોરોડલ આર્ટરીને ડોપલર ગાઈડેડ અલ્ટ્રાસોનીક મશીન દ્વારા લાઈગેશન કરવામાં આવે છે જેનાથી અંદરના હરસ ધીમે ધીમે સુકાય જાય છે. નેક્રોસીસ થઈ જાય છે. આના રીજલ્ટ ખુબ સારા છે. હોસ્પીટલમા દાખલ થવાની જરૂર નથી.- I.R.C. - [Infra red




coagulation] - જર્મન ટેકનીકથી હિમોરોડલ આર્ટરીને કોએગ્યુલેશન (લોહીની નળીને સુકવી નાખીને) હરસને પોષણ–બ્લડ ન મળતા ધીમે ધીમે અંદરના હરસ સુકાઈ જાય છે. આ પ્રોસીઝરના રીઝલ્ટ પણ સારા છે. આમાં પણ બેભાન કરવાની કે દાખલ થવાની જરૂર પડતી નથી. વિકસીત દેશોમાં સરળ અને સફળ ટેકનોલોજી સાબિત થયેલ છે.વેસલ સીલર–RFC : જર્મન ટેકનીકથી બહારના મસાને નહીવત દુ:ખાવાથી




માઈક્રો કટીંગ કરવામાં આવે છે. થોડા સમયમાં જ ઓપરેશન કરવામાં આવે છે. આ ટેકનોલોજીમાં ઈલેકટ્રીસીટીના લીધે બર્નીગ થાય છે. રૂઝ થોડી ધીમી આવે છે. અલ્ટ્રાસોનીક જેવા સારા પરિણામો મળતા નથી. તેથી વિકસીત દેશોમાં સ્વીકાર કે સ્વીકૃત થયેલ નથી.

**પાર્શીયલ ફીસ્ટ્યુલેક્ટોમી :** હાલમાં આ ખૂબ જ સફળ પદ્ધતિનો હું ઉપયોગ કરૂ છું. જેમાં એડવાન્સ્ડ ટેકનોલોજી અલ્ટ્રાસોનિક ફોક્સ દ્વારા ભગંદરના સ્પીન્કટર સિવાયના સડાને સર્જરી કરીને કાઢી નાખવામાં આવે છે. અંદરના સડા (ટ્રેક)માં લેસર સારવાર કરી જરૂર જણાય તો ક્ષારસુત્ર એપ્લાય કરવામાં આવે છે. એમ એક સાથે ત્રણ સારી થેરાપીઓનો ઉપયોગ કરવાથી સૌથી વધારે ઉત્તમ સારવાર આપવામાં આવે છે. ભગંદર માટે આ સફળ સારવાર સાબિત થયેલ છે.**ક્ષારસુત્ર સારવાર :** ભગંદર માટેની ક્ષારસુત્ર પદ્ધતિ એ અત્યંત પ્રચલિત પદ્ધતિ છે. ક્ષારસુત્ર એક આયુર્વેદિક મેડીકેટેડ થ્રેડ છે. આ ક્ષારસુત્રમાં સર્જીકલ લિનેન થ્રેડમાં આયુર્વેદની ત્રણ પ્રકારની મેડીસીન એકસ્ટ્રેટની સાત ભાવના (કોટીંગ) આપીને બનાવવામાં આવે છે. આ દવાની એક્શન ભેદન (પેનીટ્રેટીંગ), છેદન (કટીંગ), લેખન (સ્કેપીંગ), રોપણ (હીલીંગ) એમ ચાર પ્રકારના ફંક્શન એકસાથે થાય છે. જેને ટુંકમાં સમજવું હોય તો બરફના મોટા ટુકડાને દોરી બાંધવાથી જે રીતે દોરી ગાંઠ સાથે બરફને ધીમે ધીમે કટીંગ કરે છે. પરંતુ બરફના ટુકડાના બે ભાગ થતા નથી. આ રીતે મળમાર્ગના સ્પીન્કટરને નુકસાન પહોંચાડયા વગર ભગંદરની સારવાર થાય છે.આ સિવાય ઉપયોગમાંલેવાતી સારવાર પધ્ધતિઓ જેવી કે :

**સ્કલેરો થેરાપી :** જેમાં સબમ્યુકોઝલ સ્કેલેરોજન્ટ ઈન્જેકશન પાઈલ્સના મૂળમાં આપવામાં આવે છે. જેનાથી પાઈલ્સ નેક્રોસ થઈને સુકાય જાય છે. પરંતુ આ થેરાપીમાં સોજો આવવો તથા મળમાર્ગ સાંકડો થઈ જવાની સંભાવના ખૂબ જ વધારે છે.**આર.બી. થેરાપી :** રબરબેન્ડ લીગેશન પધ્ધતિમાં પાઈલ્સના મૂળમાં રબરબેન્ડ એપ્લાય કરવામાં આવે છે. જેથી પાઈલ્સને ક્રોસ થઈને સુકાય જાય છે. પરંતુ આ થેરાપીમાં બ્લીડીંગ થવાની સંભાવના ખૂબ જ વધારે છે.**પ્લગ થેરાપી :** ભગંદરના રોગમાં વપરાતી આ ટેકનોલોજી (પધ્ધતિને) ફીસ્ટુલા બાયોપ્રોસ્થેટીક પ્લગ થેરાપી કહેવામાં આવે છે. પરંતુ આ થેરાપીની સારવારમાં રીકરન્સ રેટ એટલે કે ફરીવાર થવાની અને ન મટવાની સંભાવના ખૂબ જ વધારે એટલે કે ૫૦% જેટલી રહેલી છે. તેથી તે થેરાપીનો ઉપયોગ ઓછો કરવામાં આવે છે.

**ક્રાયો સર્જરી :** નાઈટ્રોજન ગેસથી ઠંડા કરીને શીતદગ્ધથી હરસને સુકવવા. સકસન આર.બી. : સકશન દ્વારા રબ્બરબેન્ડ લીગેશન. ઓપન હેમરોઈડેક્ટોમી : ઓપરેશન સર્જરી સારવાર વગેરે હરસ મસા માટે સારવાર પધ્ધતિ પ્રચલિત છે.

**હરસની સારવાર માટે આપણા માનસમાં પ્રર્વતતી પ્રચલીત ગેરમાન્યતા–અંધશ્રધ્ધા :** જેમ કે હરસને શરીર પર ડામ દેવાથી મટાડી શકાયછે. ઘણા લોકો માનતા / દિવા માને છે. હરસને મંત્રાવે છે. મંત્રેલી ચા પીવે છે. હરસને પાણીમાં બેસાડીને ખેરવી નાખે છે. મંત્રેલ પાણીમાં બેસાડે છે. હરસ ચેકીંગ વગર (તપાસ્યા વગર), દુ:ખાવા વગર, ઓપરેશન વગર, પોસ્ટથી દવા મોકલવી જેવી લોભાણમણી જાહેરાતથી દર્દીને છેતરે છે. તેનાથી દુર રહેવું જોઈએ. કારણ કે તપાસ્યા વગર સારવાર કરવાથી ઘણી વાર હરસ–મસા ન હોય અને બીજા ઘણા કારણોની– મળમાર્ગમાં લોહી પડે છે. જેમ કે આંતરડાનું અલ્સર, અલ્સેરેટીવ કોલાઈટીસ–લીવરના રોગ, કેન્સર, ફીશર જેવા ઘણા કારણોથી મળમાર્ગમાં લોહી પડે છે. તેથી તપાસ્યા વગર નિદાન કરાવ્યા સિવાય સારવાર લેવાથી ઘણા દર્દીઓ માટે ઘાતક નીવડે છે.જાતે સેલ્ફ દવા લેતા હોય છે. ગમે ત્યાંથી જે તે દવા લેવી, ડોકટરની સલાહ વગર દવા લેવી હિતાવહ નથી. હરસની મંત્રની વિંટી પહેરે છે વગેરે... ચાલીને જવાની માતાજીની માનતા માને છે પણ ચાલવાથી હરસ–મસા વકરે છે. વડોદરાની નજીક તારાપુર ચોકડી પાસે, મધરોલમાં પાણીમાં બેસાડીને હરસ ખેરી નાખવાની ખોટી માન્યતા ખુબ પ્રચલીત છે. વગેરે અંધ માન્યતાથી આપણે સમાજે દુર રહેવું જોઈએ.આજના આધુનીક યુગમાં પણ હરસ–ફીશરના ઘણા દર્દીઓ –અનક્વોલીફાઈડ ડાક્ટરો પાસે, એસીડ જેવા કેમીકલ લગાવીને ઓપરેશન કરાવે છે. જેમાં ખૂબ જ પીડાય છે અને ભગંદર જેવા કોમ્પલીકેશન થાય છે.ડો.એમ.વી. વેકરીયાએ ૩૯ વર્ષોથી માનવતાસભર, ઉત્તમ અને ઉત્કૃષ્ટ સારવાર દ્વારા ગુજરાતભરમાં નામના મેળવી છે. તેઓનું હંમેશા પહેલેથી એક જ ધ્યેય રહ્યું છે કે સૌથી શ્રેષ્ઠ, ઉત્તમ અને સરળ સારવાર આપવી. ડો.વેકરીયા, મળ માર્ગના જટીલ દર્દોથી પીડાતા દર્દીઓને રાહત પહોચાડવા માટે જાપાનીઝ, જર્મન તેમજ અમેરીકન એડવાન્સ્ડ ટેક્નોલોજીઓનો સમાવેશ કરી સાથેસાથે આપણી પ્રાચીન આયુર્વેદ ક્ષારસૂત્રનો અને પોતાના વિશાળ અનુભવનો સુભગ સમન્વય કરીને આ રોગોની સફળતાપૂર્વક સારવાર વડે દર્દીઓને નિરામય જીવનની ભેટ સતત પ્રદાન કરતા રહ્યા છે. આજ સુધીમાં તેઓએ ૩૧૦૦૦ થી વધુ સર્જરીઓ કરી છે અને લાખો દર્દીઓને ઉત્તમ સારવાર આપી છે.

**વિશ્વવંદન**

# અમરેલી ગજેરા કેમ્પસ વિદ્યાસભાને ઓલ ઈન્ડિયા પ્રાઈવેટ સ્કૂલ એસોસિયેશન – ન્યૂ દિલ્હી અને GFSMA-Gujarat દ્વારા એવોર્ડ એનાયત






અમરેલી સમગ્ર ગુજરાતમાંથી સર્વશ્રેષ્ઠ શાળાઓમાંથી ૬૫૦ની એન્ટ્રી મળેલ જેમાંથી ૧૪૩ પસંદગી થયેલ. સર્વોત્તમ શિક્ષણના સ્વપ્ન દ્રષ્ટા એવા વસંતભાઈ ગજેરાના માર્ગદર્શન હેઠળ કાર્યરત ગજેરા કેમ્પસ–વિદ્યાસભામાં ૧૦ જેટલા ક્રાઈટ એરિયા જેમાં સંસ્થામાં વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ અભ્યાસ સાથેની સુવિધા ડિજિટલ શિક્ષણ, અદ્યતન લેબ, રોબોટિક્સ લેબ, રમત–ગમત, કલા સાહિત્ય, સ્કિલ ડેવલપમેન્ટ વગેરે જેવા ક્ષેત્રોમાં તાલીમ આપવામાં આવી રહી છે. નોંધનીય છે કે આ વર્ષે જ સમગ્ર સૌરાષ્ટ્રમાં સર્વોત્તમ શૈક્ષણિક સંસ્થાનો એવોર્ડ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. વિદ્યાસભા –ગજેરા કેમ્પસમાં નિવાસી વ્યવસ્થા સાથે નર્સરીથી કોલેજ સુધીનું શિક્ષણ મળી રહ્યું છે ત્યારે આ સંસ્થામાં ઉત્તમ લેવલનું શિક્ષણ આપવામાં આવી રહ્યુ છે સાથે સાથે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાના વિચાર મુજબ બાળકોને સર્વાંગી વિકાસ અર્થે સહાભ્યસ્કિલ બહાર લાવી સર્વાંગી શિક્ષણ આપવા માટે સત્તત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ પ્રકારના એવોર્ડથી સંસ્થા મેનેજમેન્ટ અને સ્ટાફના દ્રઢ મનોબળમાં વધારો થાય છે તેમ સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી દ્વારા જણાવવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી અને તમામ ટ્રસ્ટી દ્વારા સંસ્થામાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ પ્રસંગે સાંસદ પરશોતમભાઈ રૂપાલા ભૂતપૂર્વ શિક્ષણમંત્રી ભુપેન્દ્રભાઈ ચુડાસમા સીજુ અગસ્ત – અખિલ ભારતીય સ્વનિર્ભર શાળા ભરતભાઈ ગાજીપરા – ગુજરાત રાજય સ્વનિર્ભર શાળા જતીનભાઈ ભરાડ – મનોહરભાઈ ગોહેલ, કપિલ સ્વામી, ડી. વી. મહેતા તેમજ રાષ્ટ્રીય અને રાજય કક્ષાના સેલ્ફ ફાઈનાન્સ મંડળ સાથે સંકળાયેલા પદાધિકારીઓ હાજર રહ્યા હતા.

### બહેન–દિકરીઓ નાની ઉંમરે વિધવા થઈ રહી છે

## ગુજરાત રાજયમાં ડ્રગ્સ–દારૂનાં દૂષણથી યુવાધનની બરબાદી થઈ રહી છે

### કોંગ્રેસનાં ધારાસભ્ય જીગ્નેશ મેવાણી આકરા પાણીએ

અમદાવાદ, તા. ૨૮

રાજીવ ગાંધી ભવન ખાતે વિશેષ પત્રકાર પરિષદમાં ગુજરાત રાજયમાં બેફામ દારૂ ડ્રગ્સના કાળા કારોબારની વિરૂધ્ધ ભાજપ સરકારની નિષ્ફળતા મુદ્દે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ અને ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ ભાજપ ઉપર પ્રહાર કરતા નિષ્ફળ ગૃહમંત્રીના રાજીનામાંની માંગ કરી છે. ગુજરાત રાજયના યુવાનોની ડ્રગ્સના લીધે બરબાદી રોકવામાં અસમર્થ ગૃહમંત્રીને હોદ્દા પર બની રહેવાનો નૈતિક અધિકાર નથી. ડ્રગ્સ, દારૂ , જુગારધામ, કુટણખાનામાંથી કટકી કરીને ઘર ભરનાર મંત્રીથી અધિકારી સુધી તમામ ભારત ભૂમિના ગદ્દાર છે. ગુજરાત રાજયના મુખ્યમંત્રી ડ્રગ્સ અને દારૂના સળગતા સવાલોને કોરાણે મુકીને વલસાડમાં ચિંતન શિબિર કરી રહ્યા છે. ત્યારે શું એમને ખરેખર ગુજરાતની ચિંતા છે ખરી? ગુજરાત રાજયમાં ડ્રગ્સ–દારૂના દૂષણથી યુવાધનની બરબાદી થઈ રહી છે, બહેનો–દીકરીઓ નાની ઉંમરે વિધવા થઈ રહી છે એ મુદ્દે ગુજરાતના મુખ્યમંત્રી કેમ ચૂપ છે?



છેલ્લા કેટલાય વર્ષોમાં બહારથી આવતા ૬૪૦૦૦ કરોડના પકડાયેલું ડ્રગ્સ ઓછું હોય તેમ હવે મેડ ઈન ગુજરાત ડ્રગ્સ પણ ઉપલબ્ધ થવા લાગ્યું છે અને મિઝોરમમાંથી પકડાયેલા ડ્રગ્સનું પગેરૂં ગુજરાત સુધી લંબાયું છે એ બાબત પણ ખુબ જ ચોંકાવનારી છે. ગુજરાતમાંથી પણ બીજા રાજયમાં ડ્રગ્સનો જથ્થો પહોંચાડવામાં આવી રહ્યો છે. જે બાબત ગુજરાતની અસ્મિતા અને ગૌરવને ખંડિત કરનારી છે. વલસાડમાં હાલમાં યોજાઈ રહેલી ગુજરાતના મુખ્યમંત્રીની અધ્યક્ષતાવાળી ચિંતન શિબિરમાં ગુજરાતના યુવાધનની ડ્રગ્સના લીધે થઈ રહેલી બરબાદીની ચિંતા પણ કરવામાં આવે. ચિંતન શિબિરની પૂર્ણાહુતિ બાદ ગુજરાતના યુવાધનને નશામુક્ત કરવા સરકાર કોઈ નક્કર બ્લૂપ્રિન્ટ જાહેર કરે અને 'વાઈટ પાવડર ઉપર વાઈટ પેપર જાહેર કરે'

જયારે પણ ગુજરાત પોલિસની ડ્રગ્સ, દારૂ, જુગાર અને કૂટણખાના મુદ્દે રેઈડ કરવામાં આવે છે. ત્યારે મોટી માછલીઓને છોડીને કેમ ફક્ત કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ, એએસઆય, પીએસઆય અને પીઆય ઉપર જ કેમ પગલાં ભરવામાં આવે છે અને ઉચ્ચ કક્ષાના આઈપીએસ અને જીપીએસ અધિકારીઓ સામે કેમ પગલાં ભરવામાં આવતા નથી? પોલીસના કર્મીઓના ગ્રેડ–પે, ફિકસ પગાર, યુનિયન બનાવવાની માંગ અને અન્ય કોઈપણ પ્રશ્ને સમગ્ર કોંગ્રેસ પાર્ટીએ વારંવાર રજૂઆતો અને આંદોલન કર્યા છે અને તેમની ન્યાયિક માંગણીઓનો અવાજ વિધાનસભાના પટલ પર પણ ઉઠાવવામાં આવ્યો છે. આવનારા સમયમાં કોંગ્રેસ દ્વારા ડ્રગ્સ, દારૂ, જુગારધામના વિરૂધની ફરિયાદ મુદ્દે હેલ્પલાઈન જાહેર કરવામાં આવશે અને ત્યાં સુધી કોંગ્રેસના જિલ્લાપ્રમુખ અને કોંગ્રેસના નેતાઓના મોબાઈલ નંબરને હેલ્પલાઈન ગણીને પ્રજાજન ફરિયાદ કરી શકશે. પ્રેસ વાર્તામાં ગુજરાત કોંગ્રેસ એસ.સી.સેલના ચેરમન હિતેન્દ્ર પીઠડીયા ઉપસ્થિત રહ્યા હતા.

### શ્રીમદ્ ભાગવત્ ગીતા અને માનવ જીવન વિશે ઉદ્બોધન થશે

## અમરેલીમાં આવતીકાલે ગીતા જંયતીની જિલ્લા સ્તરીય ઉજવણી થશે

### નગરજનો અને સંસ્કૃત પ્રેમીઓને સદ્ભાગી થવા અનુરોધ

અમરેલી, તા. ૨૯

અમરેલી શહેરમાં તા.૧ ડિસેમ્બરના રોજ ગીતા જયંતિની જિલ્લા સ્તરીય ઉજવણી થશે.

ગુજરાત રાજય સંસ્કૃત બોર્ડ અને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા જિલ્લા સ્તરીય ગીતા જયંતિની શહેર ખાતે દિલિપ સંઘાણી સાંસ્કૃતિક હોલ ખાતે કરવામાં આવશે.

કાર્યક્રમનો પ્રારંભ સવારે ૯ કલાકથી થશે. રાજય સરકાર અને ગુજરાત રાજય સંસ્કૃત બોર્ડ દ્વારા આયોજિત જિલ્લા કક્ષાનો આ મહોત્સવ જ્ઞાન, આધ્યાત્મિકતા અને સંસ્કૃતિનો ઉત્સવ પણ બની રહેશે. ભારતીય જ્ઞાન પરંપરાને ઉજાગર કરતું સંસ્કૃત પ્રદર્શન રાખવામાં આવ્યું છે. ઉપરાંત શ્રીમદ્ ભગવત ગીતા અને માનવ જીવન વિશે પ્રેરક ઉદબોધન પણ થશે.

ઉલ્લેખનીય છે કે, શ્રીમદ્ ભગવત ગીતા ગ્રંથને યુનેસ્કો દ્વારા memory of the World register (વિશ્વ સ્મૃતિ નોંધણી યાદી)માં સ્થાન પામ્યો છે, જે ભારતની જ્ઞાન વારસાની વૈશ્વિક પ્રતિષ્ઠાને વધુ તેજસ્વી બનાવે છે. આ કાર્યક્રમમાં શહેરના સંસ્કૃતપ્રેમીઓ, વિદ્યાર્થીઓ, સંતો અને સામાજિક સંસ્થાઓ જોડાશે. વધુમાં વધુ સંસ્કૃતપ્રેમીઓ નાગરિકોને આ કાર્યક્રમાં જોડાવવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે. તેમ જિલ્લા શિક્ષણાધિકારી, અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.

પાના ૧ ઉપરનું ચાલું **બોલેરોમાં ૩૦ મુસાફરો હોય**

બોલેરો ગાડીના ડ્રાઈવરે કાબૂ ગુમાવતા બોલેરો ગાડી રોડ સાઈડમાં પલટી મારી ગઈ હતી. બોલેરોમાં નાની બાળાઓ અને મહિલાઓ સાથે અંદાજે ૩૦ સભ્યો સવાર હતા તે તમામને નાની–મોટી ઈજા થવા પામી છે. અકસ્માતનો બનાવ બનતા આજુબાજુમાંથી અને પસાર થતા લોકો સ્થળ પર દોડી ગયા હતા અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ મારફત સારવાર માટે વંડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સાવરકુંડલા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. સાવરકુંડલા ખાતે પ્રસન્નબેન અશોકભાઈ વાઘેલા (ઉ.વ. ૪૮) નું મોત નિપજેલ છે. જયારે ૧૫ ઈજાગ્રસ્તો પૈકી ૫ ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે અમરેલી રીફર કરવામાં આવ્યા છે. સાવરકુંડલામાં બનાવની જાણ થતા સામાજિક, રાજકીય કાર્યકરો ઈજાગ્રસ્તોને મદદરૂપ થવા દોડી ગયા હતા. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ પણ કાર્યકર્તાઓને હોસ્પિટલ ખાતે ઈજાગ્રસ્તોની મદદ માટે દોડાવ્યા હતા.

### ગોકળ ગાયને શરમ આવે તેવી ગતિ છોડીને

## સાવરકુંડલામાં રેલ્વે સ્ટેશનનુ અધુરૂ કામ યુધ્ધનાં ધોરણે પુર્ણ કરવા મુસાફરોની માંગ

### ઓવર ફૂટ બ્રિજનુ કામ પણ ધીમુ ચાલે છે

સાવરકુંડલા, તા. ૨૯

સાવરકુંડલાના રેલવે સ્ટેશનને બે વર્ષ પહેલા આધુનિક બનાવવાની જાહેરાતો સાથે તેના કામનો પ્રારંભ થયો હતો. પરંતુ છેલ્લા એક વર્ષથી અચાનક જ આ કામ બંધ જેવી સ્થિતિમાં જોવા મળે છે. મુસાફરોને બેસવા માટેની પૂરતી વ્યવસ્થા નથી, રેલવે ટ્રેક પરના ઓવરબ્રિજનું કામ અધૂરૂં છે. ફાટક મુક્ રેલવે અંતર્ગત સાવરકુંડલા મુકામે ચાલતું ફલાય ઓવર બ્રિજની કામગીરી પણ ધીમી ગતિએ આગળ વધી રહી છે. આ મહાકાય રેલવે સ્ટેશનને ત્રણ દરવાજાઓ આપેલા છે પરંતુ પ્રથમ દરવાજેથી પ્રવેશ કરતા કામ સંપૂર્ણ પણે અધુરૂ દેખાઈ રહ્યું છે. પ્લેટફોર્મ પર મુસાફરો માટે જે બેસવાની સુવિધાઓ જોઈએ તે જરૂરી અને યોગ્ય અને પર્યાપ્ત નથી. અહીં રોજના ૪૦૦થી ૫૦૦ જેટલા મુસાફરો આવે છે, જેમાં વૃદ્ધો અને બાળકો પણ હોય છે. આ સુવિધાઓ બાબતે અનેક વખત અધિકારીઓ અને પદાધિકારીઓએ નિરીક્ષણ કર્યુ છે અને ટૂંક સમયમાં પૂર્ણ કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે છતાં તે મુજબ કામ પૂર્ણ થયું નથી. વાતો અને સૂચનો જાણે ખાલી કાગળ ઉપર જ રહી જતા હોય તેવું પ્રથમ દ્રષ્ટિએ લાગે છે. આથી મુસાફરોની માગણી છે કે, જો યોગ્ય ઝડપે કામ ન થતું હોય તો એજન્સીઓ બદલીને પણ તાત્કાલિક અને સંતોષકારક રીતે આ કામ પૂર્ણ કરવામાં આવે.




### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૭૫ | ૧૪૬૫ |
| ૨ | કપાસ કોડી | ૧૦૪૦ | ૧૨૪૨ |
| ૩ | મગફળી | ૯૪૬ | ૧૩૨૦ |
| ૪ | ચણા | ૯૮૫ | ૯૮૫ |
| ૫ | જુવાર સફેદ | ૯૩૫ | ૯૩૫ |
| ૬ | તલ કાળા | ૪૬૦૦ | ૪૬૦૦ |
| ૭ | સોયાબીન | ૬૯૨ | ૮૭૦ |

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૫૫ | ૧૨૪૦ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૧૦૬૯ | ૧૦૬૯ |
| ૩ | ગીરનાર શીંગ | ૯૯૫ | ૧૨૯૫ |
| ૪ | શિંગ મોટી | ૮૦૦ | ૧૪૦૪ |
| ૫ | શિંગદાણા | ૧૨૩૦ | ૧૩૦૫ |
| ૬ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૧૯૦ |
| ૭ | તલ કાળા | ૩૬૧૦ | ૫૬૯૦ |
| ૮ | બાજરો | ૩૨૫ | ૪૫૦ |
| ૯ | જુવાર | ૩૨૦ | ૩૨૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૯૨ | ૫૬૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૧૨ | ૫૪૦ |
| ૧૨ | મકાઈ | ૨૯૦ | ૪૬૫ |
| ૧૩ | મગ | ૧૨૦૯ | ૧૨૦૯ |
| ૧૪ | અડદ | ૧૦૭૦ | ૧૨૦૩ |
| ૧૫ | ચણા | ૮૪૫ | ૧૦૬૫ |
| ૧૬ | સફેદ ચણા | ૯૪૭ | ૧૦૧૧ |
| ૧૭ | છોલે ચણા | ૧૨૪૪ | ૧૮૦૦ |
| ૧૮ | તુવેર | ૧૦૦૫ | ૧૧૩૦ |
| ૧૯ | કપાસ | ૯૨૫ | ૧૫૪૫ |
| ૨૦ | એરંડા | ૧૧૩૪ | ૧૨૭૩ |
| ૨૧ | ધાણા | ૧૫૦૦ | ૧૯૪૩ |
| ૨૨ | મેથી | ૯૯૫ | ૧૦૮૨ |
| ૨૩ | સોયાબીન | ૬૪૦ | ૮૭૦ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૩૦૬ | ૧૪૮૦ |
| ૨ | કપાસ કોડી | ૮૨૧ | ૧૧૬૬ |
| ૩ | મગફળી | ૮૨૫ | ૧૧૬૫ |
| ૪ | ઘઉં | ૪૬૦ | ૫૪૩ |
| ૫ | ચણા | ૯૦૦ | ૧૦૫૬ |
| ૬ | ધાણા | ૧૫૦૦ | ૧૭૭૫ |
| ૭ | અડદ | ૯૬૦ | ૧૦૨૬ |
| ૮ | શીંગદાણા | ૯૧૫ | ૧૧૩૧ |
| ૯ | સોયાબીન | ૭૪૬ | ૮૫૧ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૭૫ | ૧૧૭૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૧૫ | ૧૩૮૬ |
| ૩ | તલ સફેદ | ૨૦૫૦ | ૨૪૨૪ |
| ૪ | તલ કાળા | ૪૦૦૦ | ૫૨૦૧ |
| ૫ | જીરૂ | ૩૭૦૦ | ૪૨૦૦ |
| ૬ | કપાસ | ૧૦૦૦ | ૧૫૩૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૮૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૦ | ૬૨૪ |
| ૯ | બાજરો | ૪૧૦ | ૫૬૫ |
| ૧૦ | જુવાર | ૯૫૦ | ૧૨૨૦ |
| ૧૧ | અડદ | ૭૨૨ | ૧૨૩૦ |
| ૧૨ | ચણા | ૯૦૦ | ૧૧૫૨ |
| ૧૩ | તુવેર | ૧૦૦૦ | ૧૧૮૫ |
| ૧૪ | રાય/રાયડો | ૧૭૦૦ | – |
| ૧૫ | સોયાબીન | ૮૦૦ | ૮૭૦ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૩૦ | ૧૫૪૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૯૨૦ | ૧૨૨૦ |
| ૩ | મગફળી | ૧૦૦૨ | ૧૩૫૮ |
| ૪ | તલ સફેદ | ૧૫૭૦ | ૨૨૧૦ |
| ૫ | તલ કાળા | ૩૪૩૦ | ૪૬૫૦ |
| ૬ | જીરૂ | ૩૧૨૦ | ૪૦૦૦ |
| ૭ | ઘઉં | ૪૭૫ | ૫૩૫ |
| ૮ | ચણા | ૯૧૫ | ૧૧૨૫ |
| ૯ | અડદ | ૯૪૦ | ૧૨૩૦ |
| ૧૦ | સોયાબીન | ૭૯૫ | ૮૪૫ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૦૯ |
| ૨ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૬૮ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૨૦ | ૫૨૦ |
| ૪ | અડદ | ૦૯૫ | ૧૦૮૦ |
| ૫ | ચણા | ૧૦૦૦ | ૧૦૪૦ |
| ૬ | ધાણા | ૧૨૦૦ | ૨૦૦૧ |
| ૭ | તુવેર | ૧૦૨૦ | ૧૧૦૦ |
| ૮ | ચણા સફેદ | ૯૬૫ | ૯૬૫ |
| ૯ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૨૫૫ |
| ૧૦ | સોયાબીન | ૫૦૦ | ૮૯૦ |
| ૧૧ | જુવાર | ૭૪૧ | ૭૪૧ |
| ૧૨ | મગફળી | ૬૪૦ | ૧૦૨૭ |
| ૧૩ | તલ કાળા | ૩૭૦૦ | ૩૭૦૦ |
| ૧૪ | સીંગફાડા | ૮૦૦ | ૧૨૦૦ |


### જાહેર નોટિસ

આથી લાગતા વળગતા તમામ તથા જાહેર જનતાને જાણ કરવાની કે, અમરેલી તાલુકાના મોજે રાંઢીયા ગામે આવેલ તથા ખેડ ખાતા નંબર ૬૦થી નોંધાયેલ રેવન્યુ સર્વે નંબર ૨૧૦/૧અ પૈકી ૧૮ ખેતીની જમીન હે.આરે.ચોમી.૦–૮૦–૯૪ (૧) ડાયાભાઈ જીવાભાઈ સોલંકી (૨) લાલજીભાઈ જીવાભાઈ સોલંકી (૩) ધનીબેન જીવાભાઈ સોલંકી (૪) ભાનુબેન જીવાભાઈ સોલંકી (૫) કમળાબેન મંગાભાઈ દાફડા (૬) મહેશભાઈ મંગાભાઈ દાફડા તથા (૭) ગોપાલભાઈ મંગાભાઈ દાફડાના સંયુકત કબજા ભોગવટે અને માલિકી હક્કે આવેલ છે. તથા હાલના રેવન્યુ રેકર્ડ ગામ નમૂના નંબર ૭/૧૨ તથા ૮–અ ના ઉતારામાં કબજેદાર તરીકે (૧) ડાયાભાઈ જીવાભાઈ સોલંકી (૨) લાલજીભાઈ જીવાભાઈ સોલંકી (૩) ધનીબેન જીવાભાઈ સોલંકી (૪) ભાનુબેન જીવાભાઈ સોલંકી (૫) કમળાબેન મંગાભાઈ દાફડા (૬) મહેશભાઈ મંગાભાઈ દાફડા, તથા (૭) ગોપાલભાઈ મંગાભાઈ દાફડાનું / ના નામ લખાઈ આવે છે. સદરહું જમીન તેઓ પાસેથી અમારા અસીલ હરસુરભાઈ ગોવિંદભાઈ દિવેટીયા, રહે. સમઢીયાળાવાળા સ્વતંત્ર રીતે ચુકતે અવેજની રકમ ચુકવી ખાલી કબજે ટાઈટલ કલીયર ખરીદ કરવા ઈચ્છે છે. સદરહું જમીનના માલિકી હક્ક, કબજા, ટાઈટલ કે વેચાણ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો કે, દર દાવો અથવા તો અન્ય કોઈપણ વાંધો, તકરાર હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિવસ–૧૫ (પંદર) માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી, જો સમય મર્યાદામાં જાણ કરવામાં નહી આવે તો કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો કે દર દાવો અથવા અન્ય કોઈપણ વાંધો, તકરાર નથી અને જો હોય તો તે જતો (WAIVE) કરેલ છે. તેમ સમજી અમારા અસીલ દ્વારા સદરહું જમીન ખરીદ કરવામાં આવશે. ત્યારબાદ જો કોઈનો વાંધો તકરાર આવશે તો તે અમારા અસીલોને શુધ્ધ / બુધ્ધીના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી જેની આથી દરેક લાગતા વળગતા તમામ આસામીઓએ સ્પષ્ટ નોંધ લેવી.

**સ્થળ : બાબરા**
**તારીખ : ૨૯/૧૧/૨૦૨૫**

**અમારા અસીલની સુચનાથી**

:: ઓફીસ ::
"ઠે. મામલતદાર ઓફીસ સામે"મુ. બાબરા,
તા. બાબરા, જિ.અમરેલી

**અજય વિ. ગોહિલ**
**એડવોકેટ**


### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૫૦ | ૧૩૧૨ |
| ૨ | કપાસ | ૧૦૦૦ | ૧૪૫૧ |
| ૩ | બાજરો | ૩૭૧ | ૫૧૧ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૮૨ |
| ૫ | જુવાર | ૭૦૦ | ૧૦૦૦ |
| ૬ | મગ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૭ | અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૮ | તુવેર | ૯૯૦ | ૯૯૦ |
| ૯ | ચણા | ૬૦૦ | ૧૨૦૦ |
| ૧૦ | સોયાબીન | ૭૦૮ | ૮૩૧ |

# બાબરા તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારમાં ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે રૂા. ૨.૩૫ કરોડના સુવિધાપથના ખાતમુહૂર્ત



બાબરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસને વધુ ગતિ આપવામાં આવે તે હેતુસર આજે તાલુકાના વિવિધ ગામોમાં કુલ રૂ. ૨.૩૫ કરોડના ખર્ચે સુવિધાપથોના ખાતમુહૂર્ત કાર્યક્રમો યોજાયા. આ તમામ વિકાસ કાર્યોનો પ્રારંભ બાબરા–લાઠી વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય જનક તળવીયાના કરકમલોથી થયો. ગ્રામ્ય વિસ્તારોમાં સુવિધાપથો બનતા પરિવહન વ્યવસ્થા સરળ બનશે, ખેતીકામ માટેનાં વાહનોની અવરજવર સુધરશે, તેમજ વિદ્યાર્થી, કામદારો અને ગૃહિણીઓ જેવા સામાન્ય નાગરિકો માટે રોજિંદી મુસાફરી વધુ સુવિધાજનક બનશે. બાબરા તાલુકાના રાયપર ગામે – રૂ. ૪૦ લાખના ખર્ચે સુવિધાપથ, અમરવાલપુર ગામે – રૂ. ૨૫ લાખના ખર્ચે સુવિધાપથ, ગમા પીપળીયા ગામે – રૂ. ૪૦ લાખના ખર્ચે સુવિધાપાથ, થોરખાણ ગામ – રૂ. ૫૦ લાખના ખર્ચે સુવિધાપથ, વાવડી ગામ – રૂ. ૪૦ લાખના ખર્ચે સુવિધાપથ, ત્રંબોડા ગામે – રૂ. ૪૦ લાખના ખર્ચે સુવિધાપથ બનશે. આ તમામ કાર્યોનો કુલ અંદાજિત ખર્ચ રૂ. ૨.૩૫ કરોડ રહે છે, જે બાબરા તાલુકાના ઈતિહાસમાં માર્ગ સુવિધાઓને મજબૂત બનાવવા માટેનો મહત્વપૂર્ણ તબક્કો ગણાશે. સુવિધાપથો શરૂ થતા ગામોમાં આનંદનો માહોલ જોવા મળ્યો હતો. લાંબા સમયથી અપેક્ષિત માર્ગો બનાવવા સરકાર દ્વારા ત્વરિત પગલા ભરાતા ગ્રામજનોમાં હર્ષની લાગણી વ્યાપી ગઈ હતી. આ માર્ગો તૈયાર થયા બાદ વાહનવ્યવહાર, કૃષિ કામગીરી અને સામાજિક કાર્યક્રમો માટેની સુવિધાઓમાં ઘણો ફર્ક પડશે. ધારાસભ્યએ જણાવ્યું કે, બાબરા તાલુકાના દરેક ગામ સુધી વિકાસ પહોંચાડવાનો સંકલ્પ છે. ગ્રામ્ય રસ્તાઓ સિવાય પીવાના પાણીની લાઈન, ડ્રેનેજ, સ્ટ્રીટલાઈટ, શાળાઓનું મજબૂતિકરણ, આરોગ્ય કેન્દ્રોના વિકાસ જેવા અનેક પ્રોજેક્ટ્સ આગામી સમયમાં શરૂ થશે. બાબરા તાલુકાના વિવિધ ગામોમાં આજે કરવામાં આવેલા રૂ. ૨.૩૫ કરોડના સુવિધાપથોના ખાતમુહૂર્તથી તાલુકામાં વિકાસની નવી લહેર ફૂંકાઈ છે. ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસ તરફ લીધેલું આ મહત્વપૂર્ણ પગલું આવતા વર્ષોમાં લોકોના જીવનમાં સકારાત્મક ફેરફાર લાવશે.

### ગુજરાતમાં ભ્રષ્ટાચારીઓ બેફામ લુંટ ચલાવે છે

# અરે વાહ : અમે ગુજરાતમાં નશા મુક્તિ અભિયાન ચલાવીશુ : અમિત ચાવડા

### હપ્તાખોર સરકારને ઘર ભેગા કરવાનો સમય આવી ગયો : ડો. ચૌધરી



અમદાવાદ, તા. ૨૯

જન આક્રોશ યાત્રાના નવમા દિવસની શરૂઆત વિજાપુર શહેર ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અમિતભાઈ ચાવડા સહિત કોંગ્રેસ આગેવાનો દ્વારા સરદાર પટેલજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરીને કરવામાં આવી. ત્યારબાદ યાત્રા ગોઠવા, વિસનગર, બાસણા માર્ગે મહેસાણા તરફ આગળ વધેલી, યાત્રા દરમ્યાન રસ્તામાં સ્થાનિકો દ્વારા ઠેરઠેર યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું.

પ્રસંગે અમિતભાઈ ચાવડાએ જણાવ્યું કે ભાજપ વર્ષોથી સત્તામાં હોવા છતાં મહેસાણા જિલ્લાના રોડ–રસ્તાઓ ખરાબ હાલતમાં છે. ટ્રાફિકની વિકરાળ સમસ્યા છે, પોલીસમાં સ્ટાફની ભારે કમી છે અને જે સ્ટાફ છે તેમને તોડબાજીના ટાર્ગેટ આપવામાં આવતા ટ્રાફિકના નિયમોનું પાલન પણ યોગ્ય રીતે થતું નથી. વર્ષોથી ગટરના પાણીની સમસ્યા યથાવત છે, ગટરનું પાણી રસ્તાઓ પર વહી જાય છે અને ડ્રેનેજના કામકાજ માત્ર કાગળોમાં પુરા બતાવી રૂપિયા ખાઈ જવામાં આવે છે. વિસનગરમાં નાની બાળકી પર થયેલી ગેંગરેપ જેવી હૃદયદ્રાવક ઘટના રાજયની કાયદો–વ્યવસ્થાની સંપૂર્ણ નિષ્ફળતા દર્શાવે છે.

વધુમાં તેમણે જણાવ્યું કે પ્રજાની મંજુરી વગર ગામોને મનપામાં ભેળવવામાં આવે છે, જે લોકતંત્રના મૂલ્યોના વિરુદ્ધ છે. જિલ્લામાં ઔદ્યોગિક એકમો નિયમ તોડીને પ્રદૂષણ ફેલાવે છે, જેના કારણે લોકોના સ્વાસ્થ્ય પર અસર પડે છે. લોકો વિરોધ કરે છે છતાં GPCB કાર્યવાહી કરવાને બદલે માત્ર હપ્તાખોરીમાં વ્યસ્ત રહે છે. દૂધસાગર ડેરીમાં ગુંડારાજ ચાલી રહ્યું છે, સહકારી સેક્ટરો પર ભાજપ અને તેના મળતીયાઓનો કબ્જો છે. કોઈ વિરોધ કરે તો તેને દબાવી નાખવાના પ્રયાસો થાય છે. આ સરકારમાં ન્યાય માંગવા જાઓ તો દંડાવાળી કરીને અવાજ દબાવવામાં આવે છે. પાટીદાર સમાજ પણ સરકારના અત્યાચારનો ભોગ બની ચુકયો છે.

વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડા. તુષારભાઈ ચૌધરીએ જણાવ્યું કે સરકારે હાલ જાહેર કરેલા રાહત પેકેજમાં ૧૮ લાખ ૭૨ હજાર ખેડૂતોએ સહાય માટે અરજી કરી છે, જેમાંથી માત્ર ૧ લાખ ૩૧ હજાર ખેડૂતોને સહાય આપવામાં આવી છે. હજુ પણ ૧૭ લાખથી વધુ લોકો રાહમાં છે અને સહાય ક્યારે મળશે તે અંગે કોઈ સ્પષ્ટતા નથી, કારણ કે સરકારની દાનત નબળી છે. એક સમય હતો જયારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે ખેતરોમાંથી મીટરો કાઢી નાખવામાં આવ્યા હતા અને હોર્સ પાવર દીઠ વીજળી આપવાની શરૂઆત કરવામાં આવી હતી. કોંગ્રેસે એટલું મજબૂત કામ કર્યુ કે રાજયમાં અનેક મુખ્યમંત્રી આવ્યા, છતાં ખેડૂતોના ખેતરમાં કોઈ મીટર ન લગાવી શક્યા.

આ પ્રસંગે વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષારભાઈ ચૌધરી, સહપ્રભારી શુભાસીની યાદવ, બનાસકાંઠા સાંસદ ગેનીબેન ઠાકોર, ધારાસભ્ય જીજ્ઞેશભાઈ મેવાણી, મહેસાણા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ બળદેવજી ઠાકોર, પૂર્વ ધારાસભ્ય ભરતજી ઠાકોર, પ્રદેશ મહામંત્રી હિમાંશુ પટેલ, વરિષ્ઠ આગેવાનો સહિત મોટી સંખ્યામાં સ્થાનિક લોકો જોડાયા.

## શાખાનાં પુષ્પો

સ્વામી રામતીર્થ જાપાનના પ્રવાસે હતા. તેઓ ટ્રેનમાં પ્રવાસ કરી રહ્યા હતા ત્યારે રસ્તામાં ફળ ખાવાની ઈચ્છા થઈ. વચ્ચેના ઘણા સ્ટેશન ઉપર ટ્રેન રોકાઈ પરંતુ સ્વામીજીને ફળ ન મળ્યા. તેઓ નિરાશ તે બોલ્યા કે 'આ કેવો દેશ છે જયાં ફળ પણ નથી મળતા ? આ વાત પાસે બેઠેલા યુવકે સાંભળી તેને બહુ ખોટું લાગ્યું. તે આગલા સ્ટેશન પર ઉતરી ઘણા ફળ લાવ્યો અને સ્વામીજીને આપ્યા. સ્વામીજી ખુશ થયા અને આભાર માની ફળની કિંમત પૂછી પરંતુ યુવક ચુપ રહ્યો. સ્વામીજીએ ઘણો આગ્રહ કર્યો ત્યારે યુવક બોલ્યો કે, 'આનું મૂલ્ય એ છે કે આપ પોતાના દેશમાં જઈ એમ ન કહેતા કે મારા જાપાન દેશમાં ફળ

સૌજન્ય શ્રી અર્જુન ગઢિયા અમરેલી

નથી મળતા.સ્વામી રામતીર્થ યુવકની રાષ્ટ્ર ભક્તિથી ખૂબ પ્રભાવિત થયા.

**સોડમ :** આપણા દેશની પ્રતિષ્ઠાની કોઈપણ રૂપમાં રક્ષા કરવી એ રાષ્ટ્ર ભક્તિ છે અને આપણું પરમ કર્તવ્ય છે.

### તાલુકા કક્ષાના ખેલમહાકુંભમાં

# બાબરાની આર્યવીર હોસ્ટેલના વિદ્યાર્થીઓનું શ્રેષ્ઠ પ્રદર્શન

### સંચાલક પરેશભાઈ ઝાપડીયાએ શુભેચ્છાઓ પાઠવી

બાબરા, તા. ૨૯

બાબરામાંવીએલગેલાણીમાં કાર્યરત આર્યવીર હોસ્ટેલના વિદ્યાર્થીઓ વિવિધ રમતોમાં ભાગ લીધો. જેમાં અન્ડર ૧૭માં૪૦૦મીટરદોડમાંબીજાક્રમેવસાણી પ્રતિક ધ્વારા સ્થાન કર્યુ હતું તેમજ મેર ધ્રુવ લંગડીફાળમાંપ્રથમઅને૧૦૦મીટરદોડમાં દ્વિતીયસ્થાનપ્રાપ્તકર્યુહતુંતેમજઅન્યરમત જેવી કે વોલીબોલ, રસાખેંચમાં પણ હોસ્ટેલના વિદ્યાર્થીઓ બીજા ક્રમે રહી



હોસ્ટેલનું ગૌરવ વધારતા સંચાલન પરેશભાઈ ઝાપડીયા ધ્વારા તમામ વિદ્યાર્થીઓનેશુભેચ્છાઓ પાઠવી હતી.

### શિવ ભકત જાનીદાદા દ્વારા

# અમરેલી માર્કેટયાર્ડનાં નવનિયુકત ચેરમેન ભાવિન સોજીત્રાનુ સન્માન

### નાગનાથ દાદાનો ફોટો અર્પણ કર્યો



અમરેલી, તા. ૨૯

તાજેતરમાં અમરેલી માર્કેટિંગ યાર્ડની ચુંટણીમાં ભાવિનભાઈ નાની ઉંમરમાં બિનહરીફ ચુંટાયેલ છે. તે કદાચ ગુજરાતમાં પ્રથમ દાખલો હશે કે નાની ઉંમરમાં માર્કેટીંગ યાર્ડના ચેરમેન બનેલ. તેઓ નાનપણથી બીજાને ઉપયોગ થવું, નાતિનો બાદ રાખ્યા વગર અને અમરેલી તેમજ બહાર ઘણી ધાર્મિક સંસ્થામાં એમનો સહયોગ કરેલ છે. ત્યારે કોરોના કાળમાં પણ એમનું ઘણું બધું સેવાકીય યોગદાન રહે છે. ગરીબ અને નાના માણસોને ભોજન તથા અન્ય જરૂરિયાત પ્રમાણે તેમણે ઘણી મોટી મદદ કરેલ છે. ત્યારે અમરેલી માર્કેટીંય યાર્ડમાં બિનહરીફ ચેરમેન તરીકે ચુંટાયેલ છે. ત્યારે સોજીત્રા પરિવાર, સગા સંબંધી, મિત્ર મંડળ તથા ભુદેવો આનંદની લાગણી અનુભવે છે. ત્યારે અમરેલીનાં નિઃસ્વાર્થ સેવાભાવી જાનીદાદા તેમને સ્વયંભુ નાગનાથ દાદાનો ફોટો તથા સાલ ઓઢાડીને સન્માન કરેલ છે.

### પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા ખેડૂતો માટે સ્થાયી ધોરણે બજાર કાર્યરત થયું

# અમરેલી જિલ્લા પંચાયત ખાતે દર માસની તા.૧લી અને ૧૫મીએ 'ખેડૂત અમૃત બજાર' ભરાશે

### પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતો પોતાના તાજા, અન્ન, શાકભાજી, ફળ તથા અન્ય કૃષિ ઉત્પાદનો સીધા ગ્રાહકોને વેંચશે

અમરેલી, તા. ૨૯

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ–અમરેલી દ્વારા પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો દ્વારા ઉત્પાદિત સ્વચ્છ અને ઝેર મુક્ત પાકો સીધા ગ્રાહકોને ઉપલબ્ધ કરાવવા 'અમૃત ખેડૂત બજાર' નું આયોજન કરવામાં આવ્યું છે. આ બજાર સ્થાયી ધોરણે જિલ્લામાં પંચાયત– અમરેલીના પરિસરમાં કાર્યરત રહેશે.



આ 'અમૃત ખેડૂત બજાર' દર મહીનાની ૧ અને ૧૫ તારીખે નિયમિત રીતે ભરાશે, જેમાં પ્રાકૃતિક કૃષિ પધ્ધતિથી ખેતી કરતા ખેડૂતો પોતાના તાજા, આરોગ્યપ્રદ, ઝેરમુક્ત અન્ન, શાકભાજી, ફળ તથા અન્ય કૃષિ ઉત્પાદનો સીધા ગ્રાહકોને વેંચશે.

પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન મળે, ખેડૂતોને સીધો લાભ મળે અને નાગરિકોને સ્વસ્થ, શુધ્ધ અને પૌષ્ટિક ખાદ્યપદાર્થો મળે, એવા પવિત્ર ઉદ્દેશ્ય સાથે આ 'અમૃત ખેડૂત બજાર' કાર્યરત કરવામાં આવ્યું છે.

અમરેલીવાસી આ 'પ્રાકૃતિક સ્ટોલ' ખાતે આવીને સ્વસ્થ જીવન તરફ પહેલ કરે અને ઝેરમુક્ત ખાદ્ય પદાર્થોનો સ્વીકાર કરીને પ્રાકૃતિક ખેતીને મજબૂત બનાવવામાં સહભાગી બને તેવા અનુરોધ સાથે અમરેલી જિલ્લાના તમામ નાગરિકોને હર્ષભેર આ અનોખી લાભદાયી પહેલમાં જોડાવવા અપીલ કરવામાં આવે છે.

## ૧ ડિસેમ્બર ''વિશ્વ એઇડ્સ દિવસ''




અમરેલી, તા. ૨૯

દર વર્ષે ૧ ડિસેમ્બરના રોજ સમગ્ર વિમાં ''વિશ્વ એઇડ્સ દિવસ'' ઉજવવામાં આવે છે. આ દિવસનો મુખ્ય હેતુ એચઆઈવી–એઇડ્સ વિશે લોકોને જાગૃત કરવો, ભેદભાવ દૂર કરવો અને સમાજમાં સંવેદનશીલ તથા વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસાવવાનો છે. એચઆઈવી રોગ નથી, પરંતુ માનવ શરીરના પ્રતિરક્ષા તંત્રને અસર કરતો વાયરસ છે, જેને યોગ્ય સારવાર અને સમયસર ટેસ્ટિંગ દ્વારા નિયંત્રિત કરી શકાય છે. આ દિવસે રાજયના આરોગ્ય વિભાગ, નેશનલ એડ્સ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (NACO), વિવિધ એનજીઓ, યુવા સંગઠનો અને શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા જાગૃતિ કાર્યક્રમો, રેલી, સેમિનાર, મફત એચ.આઈ.વી. ટેસ્ટિંગ કેમ્પ, તથા પોસ્ટર પ્રદર્શન જેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

ભારતમાં છેલ્લા કેટલાક વર્ષોમાં સરકાર અને સમાજની સંયુકત મહેનતથી એચઆઈવીના નવા કેસોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. છતાંય, યુવાનો, માઈગ્રન્ટ વર્કરો, જોખમવાળા વર્ગો અને માહિતીના અભાવ ધરાવતા વિસ્તારોમાં જાગૃતિ વધારવાની જરૂરિયાત યથાવત્ છે. સરકારે ART દવામાં મફત સારવાર, એચ.આઈ.વી. ટેસ્ટિંગ સેન્ટરો, કન્ડોમ પ્રમોશન, રકતસંચારની સુરક્ષા અને ગર્ભવતી મહિલાઓ માટે PMTCT કાર્યક્રમો દ્વારા મહત્વપૂર્ણ પગલાં લીધાં છે.

સામાજિક ભ્રમ અને ભેદભાવ એચઆઈવી સામેની લડતમાં સૌથી મોટો અવરોધ છે. સ્પર્શ, હાથ મિલાવવા, સાથે ખાવા–પીવાથી અથવા સામાન્ય સંપર્કથી એચઆઈવી ફેલાતો નથી. આ સત્ય દરેક વ્યક્તિ સુધી પહોંચાડવું અત્યંત જરૂરી છે. એચ.આઈ.વી. પોઝિટિવ વ્યકિત પણ સામાન્ય જીવન જીવી શકે છે, કામ કરી શકે છે અને સમાજનો સમાન ભાગ બની શકે છે. તેમની સાથે માન–સન્માનથી વર્તવું એ માનવતાનું પ્રથમ કર્તવ્ય છે.વિશ્વ એઇડ્સ દિવસ એ યાદ અપાવે છે કે જાગૃતિ એ સૌથી મોટું રક્ષણ છે, અને સહાનુભૂતિ એ સૌથી મોટી દવા છે. રોગ સામે લડવાનું છે, રોગી સામે નહીં. યુવાનોને યોગ્ય માહિતી પહોંચાડવી, સુરક્ષિત જીવનશૈલી અપનાવવી અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો સ્વીકાર કરવો. આવી દરેક જવાબદારી આપણે સૌએ મળીને નિભાવવી જોઈએ.

**– મિત્તલ ખેતાણી (રાજકોટ, મો.૯૮૨૪૨૨૧૯૯૯)**

# અમરેલીની બહેરા–મૂંગા શાળામાં કન્યા ભવનનાં પ્રથમ માળનું ભૂમિપૂજન કરાયુ



અમરેલીની બહેરા–મુંગા શાળાનુ બાળકોથી શરૂ થયેલી સંસ્થામાં હાલ ૭૫ બાળકો અભ્યાસ કરે છે. સમગ્ર જીલ્લામાં ૮૦૦ જેવા મુકબધિર રહે છે. જેમાંથી ૯૦ બાળકોને ન્યાય મળે છે. બાકીના ૭૦૦ દિકરા દિકરીઓ ઊંડાણના ગામડાઓમાં રહે છે જે સંસ્થાની સેવાથી વંચિત છે. જેમાં ખસ કરીને ૧૪ થી ૪૦ વર્ષની દીકરીઓમાંથી મોટી સંખ્યામાં ન વર્ણવી શકાય તે રીતે પીડાય છે. આ માટે સર્વે સમાજ અને શુભચિંતકો મારફત અન્ય ૫૦ બહેનો માટે આ વ્યવવ્થા ઉભી થઈ રહી છે. તાજેતરમાં અમરેલીની બહેરાં મૂંગા શાળાના આંગણે કન્યા ભવનના પ્રથમમાળના બાંધકામનો દિવ્ય ભૂમિપૂજન કાર્યક્રમ સંપન્ન થયો. કોઈ એક વ્યકિત કે આગેવાનને પ્રમુખસ્થાન આપવાના બદલે ઉપસ્થિત સર્વે મહાનુભાવોને કેન્દ્રસ્થાને રાખી 'અતિથિ દેવો ભવ' સૂત્રને ખરા અર્થમાં ચરિતાર્થ કરવા સમાજના ૫૧ સંસ્થા પ્રેમી શુભેચ્છકો દ્વારા સમૂહ ભૂમિપૂજન કરાવવામાં આવેલ. આ નવા બાંધકામ દ્વારા અમરેલી જિલ્લાની દિવ્યાંગ દિકરીઓને સંસ્થાની વિનામૂલ્યની સેવાઓનો લાભ વધુ પ્રમાણમાં મળી રહેશે. નવા બાંધકામના પ્રેરણાસ્ત્રોત એવા ધીરૂભાઈ બાબરીયા (અમેરિકા) દ્વારા રૂ.૩૫ લાખનું માતબર અનુદાન પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત વસંતભાઈ ગજેરા, મનુભાઈ સાવલિયા, કાળુભાઈ ભંડેરી તરફથી ૫–૫ લાખ રૂપિયા અને ચતુરભાઈ સભાયા, દિલીપભાઈ સંઘાણી, પરેશભાઈ ધાનાણી, કિશોરભાઈ મહેતા તરફથી ૧ લાખ ઉપરની રકમ આપી અને રજનીભાઈ ગજેરા, બાબુભાઈ સાવલિયા, પ્રવીણભાઈ પાનસુરીયા, અનિભાઈ ગજેરા, જાદવભાઈ ગજેરા, બટુકભાઈ ગજેરા, પ્રકાશભાઈ ધોળકિયા ચતુરભાઈ ખુંટ, વસંતભાઈ પોકળ, વનરાજભાઈ પટેલ વગેરે એ પણ પોતાની સહાય સરવાણી દ્વારા ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કરી દીધેલ. આ અવસરને વિશેષ સ્મૃતિમય બનાવવા અમરેલીના સમાજરત્નો એવા ડો.કાનાબાર, ડો.ગજેરા, ડો. ત્રિવેદી, ડો.સોજીત્રા, ડો.પી.પી પંચાલ, ડો. હિમ પરીખ, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, દિનેશભાઈ ભુવા, વસંતભાઈ મોવલીયા, જે.પી. સોજીત્રા, કાળુભાઈ રૈયાણી, ડી.કે. રૈયાણી, રમેશભાઈ કાથરોટીયા, કાળુભાઈ તારપરા, ગોરધનભાઈ માંડલિયા, એ.બી. કોઠીયા, સુરેશભાઈ શેખવા, રાજેશભાઈ માંગરોલીયા, અશ્વિનભાઈ પરીખ, કાચા સાહેબ, ઉપાધ્યાય, સુનીલભાઈ રાજયગુરૂ, પ્રકાશભાઈ જોષી, હરૂભાઈ બાટવીયા, આનંદભાઈ ભટ્ટ, અતુલભાઈ રામાણી, નાયર મદદનીશ ચેરીટી કમિશનર અમરેલી, ખોડલધામ મહિલા મંડળ, મીનાક્ષીબેન મકવાણા, હંસાબેન વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં સંસ્થાના એમ.કે. સાવલિયા અને ધર્મિષ્ઠાબેન મહેતા, વિજયભાઈ મહેતા તથા સંસ્થા પરિવારના સભ્યોની અથાક મહેનત રંગ લાવી હતી.

હવે આપના અમરેલીમાં એમ.ડી.મેડીસીન ડોક્ટર નિયમિત મળશે.
હૃદયના એટેકની સારવાર ❖ તમામ પ્રકારની ઝેરી દવાઓ (પોઈઝન),વીંછી, સર્પદંશ તથા કોઈપણ પોઈઝનને લગતી ઈમરજન્સી સારવાર ઉપલબ્ધ. ❖ ક્રીટીકલ અને આઈ.સી.યુ.ના દર્દીની સારવાર ❖ બધા પ્રકારના વા ની સારવાર ❖ બ્લડ પ્રેશર અને ડાયાબિટીસનું નિદાન અને સારવાર ❖ ડેન્ગ્યુ, મેલેરીયા, ટાઈફોઈડ તથા તમામ પ્રકારના તાવનું નિદાન અને સારવાર. ❖ ન્યુમોનિયા, ટીબી, શ્વાસ(દમ) તથા ફેફસાના રોગોનું નિદાન અને સારવાર ❖ પેટના રોગો, ઝાડા, ઉલટી, કોલેરા વગેરે રોગોનું નિદાન અને સારવાર આધાશીશી, અનિંદ્રા, બેચેની, ચક્કર, શરીરની નબળાઈ (Weakness) ખાલી ચડવી. ❖ નસના દુઃખાવા તથા કોરોનાનું નિદાન અને સારવાર. ❖ પેરાલીસીસ (લકવો)નું નિદાન અને સારવાર તથા બેચેની સારવાર ઉપલબ્ધ. કિડનીના રોગો, લીવરના રોગો, થાઈરોઈડ, કમળો, સંધીવા વગેરે રોગોનું નિદાન અને સારવાર રાહત દરે ઉપલબ્ધ.
ફિઝિશિયન વિભાગ
હૃદયના રોગો | ફેફસાંના રોગો | ડાયાબિટીસ | પેરાલિસિસ | ઝેરી દવાઓ (પોઈઝન)
સોમવાર થી શનિવાર, સમય : સવારે ૦૯:૩૦ થી ૦૨,સાંજે ૦૫ થી ૦૮
ડો. વિજય મકવાણા
(M.B.B.S., M.D.Medicine)
Consultant Physicin & Cardio-Diabetcologist
Critical Care & ICU Specialist
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ) એન.સી.ટી. કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી–૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

## ત્રિપલ સવારી ચલાવો કે બાઈક પર જતાં થુંકયા કરતા હોય, બેફામ હોર્ન વગાડતા હોય

# અમરેલીમાં બાઈક સવારોની ગતિવિધિ કેમેરામાં કેદ કરો

**શહેરમાં ઠેકઠેકાણે લગાવવામાં આવેલ સીસીટીવી કેમેરામાં તમામ દ્રશ્યો કેદ થતાં હોય કાર્યવાહી કરો**

**જાહેર માર્ગો પર બાઈક કે કાર પાર્કિંગ કરાતી હોય, બેફામ ગતિએ વાહનો દોડતાં હોય તેમના પર લગામ લગાવો**

**શાળા–કોલેજો કે મહિલાઓની અવરજવરવાળા વિસ્તારનાં સીસીટીવી કેમેરાની મદદ લઈ કાર્યવાહી કરો**

**પોલીસ અધિક્ષકે ખાનગી કાર કે બાઈકમાં સિવિલ ડ્રેસમાં શહેરમાં પીકઅપ અવરમાં ચક્કર લગાવવું જોઈએ તેવી માંગ**

અમરેલી, તા. ૨૯

જિલ્લાનાં મુખ્ય મથક અમરેલીને ટ્રાફિક સમસ્યા સાથે ચોલી–દામન જેવો સબંધ જોવા મળી રહ્યો છે. શહેરમાં જાહેર માર્ગો કે ફૂટપાથો ઉપરનું વ્યાપક દબાણ એ રોજિંદી સમસ્યા હોવા છતાં એકપણ પદાધિકારી કે અધિકારીને આ સમસ્યાનું નિરાકરણ કરવાનું સુઝતુ નથી.

દરમિયાનમાં શહેરમાં અમુક છેલબટાઉ યુવાનો ત્રિપલ સવાર બાઈક ધુમ સ્ટાઈલમાં ચલાવતાં જોવા મળે તો મોઢામાં કાચી સોપારી અને તમાકુનો ડૂચો ભરાવીને બાઈક ચલાવતાં થુંકીને પાછળ આવતાં અન્ય વ્યકિતની હાલત ખરાબ કરી રહ્યાનાં દ્રશ્યો અનેક વખત જોવા મળી રહ્યા છે. તો અમુક યુવાનો માર્ગમાં કાંઈ નડતરરૂપ ન હોવા છતાં આરટીઓ અમાન્ય હોર્ન વગાડીને જાણે કે કોઈ સંગ્રામ ખેલવા જતાં હોય બાઈક ચલાવતાં જોવા મળી રહ્યા છે. કારણ કે તેઓને ટ્રાફિક વિભાગનો કોઈ ડર જ રહ્યો નથી. કારણ કે ટ્રાફિકનાં જવાન કયાંક ચોક પર જોવા મળે છે પરંતુ મોબાઈલમાં વ્યસ્ત હોય છે.

તદુઉપરાંત, નાગનાથ બસ સ્ટેન્ડ ચોક, જુના માર્કેટયાર્ડ રોડ, ચિતલ રોડ, ગર્લ્સ હાઈસ્કૂલ આસપાસ જાહેર માર્ગો પર કાર અને બાઈક પાર્ક થતાં હોય કે રેંકડિયો, કેબિનોનો જમેલો જોવા મળી રહ્યા છે.

શહેરમાં ઠેકઠેકાણે સીસીટીવી કેમેરા લાગેલ હોય તેમની મદદ લઈને ટ્રાફિક સમસ્યાનું નિરાકરણ કરવામાં આવે અને છેલબટાઉ યુવાનોને દંડિત કરવામાં આવે તેમજ પોલીસ અધિક્ષકે સિવિલ ડ્રેસમાં પીઅપ અવરમાં શહેરનાં ટ્રાફિકથી ધમધમતા વિસ્તારમાં બાઈક કે પ્રાઈવેટ કારમાં ચકકર લગાવીને ટ્રાફિક સમસ્યા કેવી વિકરાળ બની છે તેનું અવલોકન કરી નિરાકરણ કરાવવું જોઈએ તેવી માંગ શહેરીજનો કરી રહ્યા છે.

## જિલ્લાનાં માર્ગો પર સતત અકસ્માતની ઘટના

# લાઠી–ચાવંડ માર્ગ ઉપર કાર અને એક્ટિવા વચ્ચે અકસ્માત

**એક્ટિવા ચાલકનુ મોત નિપજયુ**



અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લામાં થોડા દિવસોથી માર્ગ અકસ્માતની સતત ઘટના સામે આવી રહી છે સાવરકુંડલાનાં સેંજળ ગામે એક મહિલાનુ મોત થયા બાદ લાઠીનાં ચાવંડ માર્ગ ઉપર કાર અને બાઈક વચ્ચે અકસ્માત થતા જેમા બાઈક સવારનું મોત થાની ઘટના પ્રકાશમાં આવી છે.

## મુસાફરોનાં હિતમાં એસ.ટી. તંત્રનો નિર્ણય

# અમરેલીમાં અગાઉ ૨૪ કલાક બાદ વધુ ૧૯ બસ ફાળવવામાં આવી

**ઉર્જામંત્રીનાં હસ્તે આજે ૧૯ બસોનું લોકાર્પણ**

અમરેલી, તા. ૨૯

રાજય સરકાર તેમજ એસ.ટી. વિભાગના મેનેજમેન્ટ દ્વારા ગુજરાતની જનતા સગવડતા ભરી મુસાફરી કરી શકે તેમજ મુસાફરોની સુખાકારીમાં વધારો થાય તે હેતુથી અમરેલી એસ.ટી. વિભાગમાં અગાઉ ૨૪ તેમજ હાલમાં અન્ય ૧૯ બસ મળી કુલ ૪૩ બસ ચાલુ નાણાંકીય વર્ષમાં અમરેલી એસ.ટી. વિભાગમાં ફાળવવામાં આવેલ છે.

જે અંતર્ગત આવતીકાલે તા. ૩૦ રોજ સવારે ૧૧ કલાકે રાજયકક્ષાના કાયદા અને ન્યાયતંત્ર, ઉર્જા અને પેટ્રોકેમિકલસ, વૈધાનિક અને સંસદીય બાબતોની મંત્રી કૌશિક વેકરિયાના હસ્તે અમરેલી બસ સ્ટેશન ખાતે હાલમાં ફાળવેલ નવીન ૧૯ બસોનું લોકાર્પણનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં તમામ તાલુકા, જિલ્લા કક્ષાના તમામ ચૂંટાયેલા પદાધિકારીઓને હાજર રહેવા એસ.ટી. તંત્ર દ્વારા આમંત્રણ આપવામાં આવેલ છે.

## મેલડી માતાજીનાં મંદિર નજીક અદ્દભુત નજારો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૯

બાબરામાં તળાવના કાંઠે આવેલ શ્રી મેલડી માતાજીનાં મંદિર નજીક સમી સાંજે સૌ કોઈને શાંતી અને શ્રધ્ધા અર્પે તેવુ દ્રશ્ય કુદરી રીતે ઉભુ થયુ. સુંદર રીતે કોતરેલ મંદિર તથા આકાશ સુર્યાસ્તનાં અદ્દ્ભુત રંગોમાં રંગાઈ રહયાનું દ્રશ્ય કેમેરામાં કેદ થયુ છે.

## સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ

# બગસરાનાં રહેણાંક વિસ્તારમાં વન્ય પ્રાણી દીપડાનાં આંટાફેરા

**માનવ જીંદગી જોખમાય તે પહેલા ઝડપી લો**

અમરેલી, તા. ૨૯

બગસરાનાં જેતપુર માર્ગ ઉપર આવેલ રહેણાંક વિસ્તારમાં દીપડાનાં આંટાફેરા સીસીટીવી કેમેરામાં કેદ થયા બાદ સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ થયેલ છે.

વન વિભાગે કોઈ માનવી ઉપર હુમલો કરે તે પહેલા દીપડાને પીંજરે કેદ કરે તેવી માંગ ઉભી થઈ છે.



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

## પાલિકાનાં શાસકો ગંભીરતા દાખવે તેવી માંગ

# સાવરકુંડલાની નાગનાથ અને શિવશકિત સોસાયટીમાં પાણી વિતરણમાં અનિયમિતતા

**૧૫ દિવસમાં પાણી વિતરણમાં ૩ વાર વિક્ષેપ થયો**

સાવરકુંડલા, તા. ૨૯

જળ એ જીવન છે અને સાવરકુંડલા શહેરમાં દાર આધારિત પાણી પુરવઠા વિતરણ વ્યવસ્થા દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારોમાં પાણી પુરવઠો પૂરો પાડવામાં આવે છે. ત્યારે સાવરકુંડલાના નાગનાથ સોસાયટી ખાતે અવારનવાર પાણીની મોટર કે વાયરિંગ બળી જવું કે જે કંઈ ટેકનીકલ ખામીને કારણે છતે પાણીએ લોકોને પાણી માટે વલખાં મારવા પડે તે તંત્ર માટે પણ ચિંતનનો વિષય. આવી ઘટનાઓ વારંવાર થતી હોય તો તેનું યોગ્ય નિદાન કરી યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ જેથી પાણી પુરવઠા વિતરણમાં છતે પાણીએ કોઈ વિક્ષેપ ન સર્જાય. હા, વાપરવાનું પાણી તો લોકો કેમ કરીને ચલાવી લે પરંતુ પીવાના પાણી માટે શું ? જો કે તંત્ર જયારે પાણી વેરો લે છે ત્યારે કુશળ ઓપરેટર દ્વારા પણ આવી પરિસ્થિતિ નિવારી શકાય નહિ ? એવો સવાલ સ્થાનિકોમાં ચર્ચાઈ રહ્યો છે.



Sheetal
લગ્નના પ્રસંગે પ્રેમ, માન અને મીઠાશની એક ભેટ
શીતલ મેરેજ બોક્સ
શીતલ આઈસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ સામે, અમરેલી. સમય : સવારે 10:00 થી રાત્રે 11:00

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી–૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,16,000/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૯/૧૧/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

LG Life's Good.
Not just any AI Smart TV
NEXT-GEN LG AI TV
GST 28% >>> 18%
LG OLED
webOS
AI Voice ID Chatbot
Dolby
Microsoft Copilot
Festive Offers
3 YEAR WARRANTY (On Select LG TVs)
Up to 26% CASHBACK Max ₹26000 ON SELECT CREDIT / DEBIT CARDS
Up to 30% OFF ON LG SOUNDBAR (With Select 4K TVs)
*T&C Apply
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી
Mo.94081 59606 / 99747 72377
VISIT LG BEST SHOP FOR ATTRACTIVE CASH BACK

*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)